Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૨૬ • તા. ૨૫ જુન ૨૦૧૮ થી ૦૧ જુલાઈ ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

## હુબલીમાં ૧૯૭૯માં યોજાયેલ દ્વિતીય જ્ઞાતિ સંમેલનમાં યુવા સમિતિની કાર્યવાહી

**(સમસ્ત જ્ઞાતિ સંમેલન પ્રસંગે યુવા સમિતિની નિમણૂક થયેલી તેની કાર્યવાહીના અહેવાલના કેટલાક અંશો અત્રે પ્રગટ કર્યા છે જે આજના સંદર્ભે પણ પ્રસ્તુત બને છે.)**

યુવા સમિતી બેઠક ૨૮ સપ્ટેમ્બર ૧૯૭૯ના મળી હતી. પ્રારંભમાં યુવા સમિતિના કન્વીનર શ્રી હીરાચંદ ડુંગરશી દંડે પધારેલા સર્વેને આવકાર્યા હતા. યુવાનો ઉપરાંત મહેમાનો તરીકે મોટી સંખ્યામાં વકીલોએ પણ હાજરી આપી હતી. તેમાં મુખ્યત્વે શ્રી શીવજી કુંવરજી વિકમશી, શ્રી સનત શાહ, શ્રી ઉમરશી જેઠાભાઇ કુરૂવા, શ્રી મણિકાંત રાયચંદ મોમાયા, શ્રી પાર્શ્વીર ડાહ્યાલાલ ખોના, શ્રી રતિલાલ કેશવજી મોમાયા, શ્રી ભવાનજી ખીમજી શાહ, શ્રી ટોકરશી પદમશી નાગડા, શ્રી લાલજી હંસરાજ લાલકા, શ્રી હીરાલાલ પદમશી માલાણી, શ્રી મધુકર ગોવિંદજી ખોના ઇત્યાદિ મહાનુભવોની હાજરી લક્ષ ખેંચતી હતી. હાજર રહેલા વડીલોની સલાહનો સૂર યુવાનો પોતાના નવીન વિચારો નક્કર યોજના સાથે રજૂ કરે' એ પ્રકારનો હતો.

સૌ પ્રથમ યુવા સમિતિના ચેરમેન શ્રી તિલકભાઇએ પધારેલા સર્વે સભ્યો તથા આમંત્રિત મહેમાનોને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું : ''સને ૧૯૪૭માં મળેલ પ્રથમ જ્ઞાતિ સંમેલનની ભાગ્યે જ કોઇને યાદી હશે. અને આજના યુવાનો જ્ઞાતિ કાર્યો પ્રત્યે ખાસ અભિરૂચિ ધરાવતા નથી, એવી સામાન્ય ફરિયાદ છે. પરંતુ, યુવાનોને જે પ્રશ્નાવલિ મોકલવામાં આવી હતી, તેના જવાબો તો આનાથી ઊલ્ટું જ પરિણામ દર્શાવે છે. મોટી સંખ્યાના યુવાનોએ જ્ઞાતિકાર્યો કરવા તત્પરતા દર્શાવી છે, જો તેમને આ કાર્યો કરવા મોકો મળે તો.

જે જ્ઞાતિ સંમેલન સમક્ષ આપણે કેટલાક ખરડાઓ રજૂ કરવાના છીએ, તે પહેલાં આપણે વિચારવાનું છે કે જે ખરડાઓ આપણે રજૂ કરીએ, તે એવા હોવા જોઇએ કે તેનું અમલીકરણ પણ આપણા હાથમાં જ હોય. નહિ તો, પ્રથમ જ્ઞાતિ સંમેલન પ્રસંગે પાસ થયેલા મોટા ભાગના ખરડાઓ કાગળ પર રહ્યા, તેના જેવું પુનરાવર્તન થશે.

સૌ પ્રથમ આપણે વિચારવું જોઇએ કે આપણે શું કરી શકીએ તેમ છીએ ? મારી દૃષ્ટિએ એવાં ઘણાં કાર્યો છે કે જે માટે પૈસાની બિલ્કુલ જ આવશ્યકતા નથી. ફક્ત સમયનો જ ભોગ એ કાર્યો માગે છે. આજે આપણી સમક્ષ એક પડકાર છે કે સમાજ પ્રત્યે, સમાજ માટે આપણે કેટલું કામ કરી શકીએ ? સમજપૂર્વકના આપણે જો નિર્ણયો લઇશું તો જરૂર આ ચેલેંજ ઉપાડી લઇ જ્ઞાતિના વડીલો સમક્ષ આપણી લાયકાત પૂરવાર કરી શકીશું.''

ત્યાર બાદ શ્રી તિલકભાઇએ પ્રશ્નાવલિમાં મળેલાં રસભરપૂર પરિણામો રજૂ કર્યાં હતાં, તેમાં ખાસ કરીને સામાજિક ક્રિયાઓ-પ્રસંગો ઇત્યાદિ હાલના જમાના પ્રમાણે ખૂબ જ સાદાઇથી યોજવા જોઇએ એનો અભિપ્રાય વ્યક્ત થયો છે, એવું તેમણે જણાવ્યું.

ત્યાર પછી હાજર રહેલ યુવાનો-યુવતીઓએ શૈક્ષણિક-સામાજિક જીવનમાં સહન કરવી પડતી મુશ્કલીઓ અને તેના નિરાકરણ અંગેની કાર્યપધ્ધતિ બદલ મુક્ત મને પોતાના વિચારો રજૂ કર્યા હતા.

- શ્રી શૈલેષ સનત શાહે જણાવ્યું : 'યુવાનોએ જ્ઞાતિના પ્રશ્નોનું વિશ્લેષણ કરી, જાગૃતિ દર્શાવી પોતે જ જ્ઞાતિહિતનાં કાર્યો માટે આગળ આવવું જોઇએ. સારા કાર્યોમાં વડીલોના આશીર્વાદ અને સહકાર પોતાની મેળે જ મળી રહેશે. નેતા કોઇ કોઇને બનાવી શકતું નથી. પ્રામાણિકપણે પોતાનું કરેલ કાર્યજ નેતા બનાવી દેશે. કામ પહેલાં માનની ઇચ્છા બરાબર નથી. તમે કામ કરી જુઓ, માન તમને આપોઆપ મળશે.
- શ્રી ખેમેન્દ્ર ધનજી શાહે જણાવ્યું : 'આપણી જ્ઞાતિની એક ખોટી ખાસિયત છે તે જવી જ જોઇએ. કોઇપણ સંસ્થામાં સભ્ય થવું હોય કે સક્રિયપણે કાર્ય કરવું હોય તો પૈસો એ લાયકાત ગણાય છે. કાર્ય કરવાની શક્તિ એ સેકન્ડરી ચીજ ગણાય છે. આ હીન દૃષ્ટિ જવી જ જોઇએ. જેમની પાસે પૈસો નથી, જેઓ ગર્ભશ્રીમંત નથી, તેવા યુવાનો જ્ઞાતિહિતનાં કાર્યો કરવા તૈયાર છે, પણ તે ક્યારે બને ? જ્યારે તેમને કામ કરવાની તક આપવામાં આવે, જ્યારે કામ કરવાનો મોકો મળે. અને જો કામ કરવાનો મોકો જ ન મળે, તો પૈસા વગરનો યુવાન

પોતાની કાર્યશક્તિ કેવી રીતે દાખવે અને કેવી રીતે પોતાની લાયકાત પૂરવાર કરે ?

● જ્ઞાતિના વડીલ શ્રી શીવજી કુંવરજી વિકમશી કે જેઓ જ્ઞાતિની મોટા ભાગની સંસ્થાઓ સાથે સંકળાયેલા છે, તેમને ઉદ્દેશીને શ્રી ખેમેન્દ્રભાઇએ જણાવ્યું : 'આ એક ચેલેંજ છે. એનો ઉકેલ આપ જેવા સક્રિય કાર્યકરોએ લાવવો જ રહ્યો. શ્રી ભરતભાઇ જેવા યુવાન કાર્યકરને જ્ઞાતિનું સુકાન સોંપાયું છે તે બદલ હર્ષ થાય છે, આ રિવાજ જળવાઇ રહે તેમ થવું જોઇએ.'

● શ્રી નરેશ હીરાચંદ નાગડાએ કહ્યું : 'શિક્ષણ માટે તો જરૂરી લોન મળવા માટે જ્ઞાતિમાં પૂરતી વ્યવસ્થા છે, પરંતુ શિક્ષણ પૂરું કર્યા બાદ ધંધા માટે જરૂરી મૂડી અંગે લોન મળે તેવી જ્ઞાતિમાં વ્યવસ્થા નથી એ ખેદજનક છે. અન્ય બેંકો આ બાબતમાં નવયુવાનોને ખૂબ જ ત્રાસ આપી લાગવગ કે લાંચ વગર જરૂરી લોનો આપવામાં વિલંબ કરે છે. જ્ઞાતિની બેંક હોય તો આ પ્રશ્નનો ઉકેલ આવી જાય.'

● શ્રી ભરત એલ. ધરમશીએ જણાવ્યું : 'આણુ જેવી શક્તિ વિકાસ પણ કરી શકે અને વિનાશ પણ કરી શકે. તે વિસ્ફોટિત થાય, પાર્ટીકલ્સ જુદા પડે, તો વિનાશ થાય. તેવી રીતે, જો વડીલો અને યુવાનો જુદા પડે તો, જ્ઞાતિવિકાસ માટે કંઇજ થઇ શકે નહિં. તેના બદલે વડીલો જો પોતાના જ્ઞાન અને અનુભવનો લાભ યુવાનોને આપી તેમને તાલીમ આપે તો સોનામાં સુગંધ ભળે. યુવાનોને કાર્ય કરવાની તક આપી 'સેકન્ડ લાઇન ઓફ ડીફેન્સ' જેવું સ્થાન યુવાનોને જ્ઞાતિની દરેક સંસ્થા-પ્રવૃત્તિમાં અપાવું જોઇએ.'

● શ્રીમતી ચંદનબેન એલ. લોડાયાએ જણાવ્યું : 'સમાજના રીતરિવાજોમાં જમાનાને અનુરૂપ પરિવર્તન આવવાં જ જોઇએ. દહેજની પ્રથાનો સદંતર બહિષ્કાર કરવો જોઇએ. જો આમ નહિ થાય તો આપણા સમાજનું ભવિષ્ય અંધકારમય બની જશે. યુવાનોને જ્ઞાતિ કાર્યોમાં કામ કરવા પ્રોત્સાહન મળે, તેવી કોઇ યંત્રણા અમલમાં મૂકવા હું વડીલોને દર્દભરી અપીલ કરું છું.'

● શ્રી દિલીપ રતિલાલ શાહે કહ્યું : 'દક્ષિણ ભારત એકમ' સમાજ માટે ખૂબ ખૂબ કાર્ય કરી રહ્યું છે. યુવાનોએ વિચારવું જોઇએ કે તેમણે એકમની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તેવું શું કર્યું છે ? આપણે એકમ જેવી જ્ઞાતિની કોઇક નાની નાની પ્રવૃત્તિઓનું આયોજન કરી, ભંડોળ એકઠું કરી, એકમના જેવી સંસ્થાઓને આપીશું તો આપણને પણ કંઇક કાર્ય કર્યાનો સંતોષ થશે અને એકમને આર્થિક રાહત થશે.

● શ્રી પ્રદીપભાઇ ગોસરે જણાવ્યું : 'શિક્ષણ લેતા યુવાનો માટે સમાજસેવાનું કાર્ય સાથે સાથે કરવું મુશ્કેલ છે. કારણ કે, શૈક્ષણિક જવાબદારીનું વિદ્યાર્થીએ વહન કરવાનું હોય છે. જો વિદ્યાર્થી આ કાળ દરમ્યાન શિક્ષણને મહત્ત્વ આપે અને કારકીર્દિનું યશસ્વી ઘડતર કરે તો યુવાનીના કાળ માટે જ્ઞાતિમાં ઘણાંજ રચનાત્મક કાર્યો તૈયાર છે ફક્ત યુવાનોએ નિષ્ક્રિયતા ખંખેરી નાખવાની જરૂર છે.

● શ્રી રમેશ મૂલજી લોડાયાએ કહ્યું : 'જ્ઞાતિ અત્યારે વેરવિખેર હાલતમાં છે. ત્યારે એકતાની ભાવના જાગૃત કરવાની પ્રથમ આવશ્યકતા છે. જ્ઞાતિના મધ્યમ વર્ગની હાલત સુધરે, તે માટે શિક્ષણની પ્રવૃત્તિને અગ્રતા અપનાવવી જોઇએ. જો મધ્યમ વર્ગની હાલત સુધરશે, તો જ યુવાન વર્ગ સમાજ ઉત્થાન પ્રવૃત્તિઓમાં ભાગ લેવા શક્તિશાળી બનશે. ગામડાઓમાં પ્રાથમિક શિક્ષણ પણ દુર્લભ છે, તે તરફ જ્ઞાતિના અગ્રણીઓનું ધ્યાન ખેંચુ છું. વળી, આપણી શૈક્ષણિક સંસ્થાઓમાં ભેદભાવભરી નીતિ દૂર કરી સમાનતાનું ધોરણ અપનાવવા અપીલ કરું છું. યુવાનોની શક્તિને ઉપેક્ષિત ન ગણતાં તેમને પણ કાર્ય કરવા જરૂરી તક આપવા વડીલોને હું વિનંતિ કરૂં છું.

● શ્રી દિનેશ કે. લોડાયાએ કહ્યું : 'શિક્ષણમાં વિવિધતા આવવી જોઇએ. વસ્તીપત્રકના આંકડાઓ જોતાં સહેજે જણાઇ આવશે કે, આપણી જ્ઞાતિના સ્નાતકો/અનુસ્નાતકોમાંથી મોટા ભાગના તો B.A. અને B.Com જ છે. ટેક્નિકલ લાઇનો તરફ આપણે દૃષ્ટિ દોડાવવી જ રહી. તો જ આપણે વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે દેશમાં થતી પ્રગતિ સાથે કદમ મિલાવી શકીશું. જ્ઞાતિ સંસ્થાઓની કાર્યકારિણી સમિતિઓમાં યુવાનોને યોગ્ય પ્રતિનિધિત્વ આપવા વડીલોને અપીલ કરું છું.'

● શ્રી જવાહરભાઈ લાલકાએ કહ્યું : 'જ્ઞાતિ સમક્ષ ઘણા પ્રશ્નો છે, તેનો ઉકેલ શો ? યુવાનોને અનુભવ નથી, પણ આ અનુભવ ક્યારે અને કેમ મળે ? યુવાનોમાં ઉત્સાહ છે, પણ વડીલોનું પ્રોત્સાહન જરૂરી છે. કાર્ય કરવાની યુવાનોને તક મળે તો જ આ પ્રશ્નનું નિરાકરણ આવે. અખિલ ભારતના ધોરણે યુવાનોને સામાજિક કાર્યો કરતી સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ મળે એવી કોઇ યંત્રણા તૈયાર કરવા હું વડીલોને અનુરોધ કરું છું.'

● શ્રી સુધીર વાલજી અરજણ મોતાએ કહ્યું : 'સૌ પ્રથમ યુવાનોએ પોતાનું ધ્યેય શું છે, એ નક્કી કરવું જોઇએ અને એ ધ્યેયને રીઝલ્ટ ઓરીએન્ટેડ પ્રથાના ધોરણે હાંસલ કરી શકાય એવા પ્રયત્નો કરવા જોઇએ. જ્ઞાતિના વડીલો દ્વારા યુવાનોના ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે જરૂરી માર્ગદર્શન મળે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. યુવાનોએ ફક્ત આપણા સમાજ તરફ દૃષ્ટિ ન દોડાવતાં અન્ય સમાજોની પ્રવૃત્તિઓ તરફ પણ ધ્યાન આપી તેમાંની સારી બાબતો અપનાવી લેવી જોઇએ. આપણી જ્ઞાતિ વેપારી જ્ઞાતિ છે, તેથી યુવાનોએ પ્રોફેશનલ અને નિકાસના ધંધાઓ-લાઇનોમાં દાક્ષિણ્ય મેળવવા કોશિષ કરવી જોઇએ, જેથી સમાજનો આર્થિક અભ્યુદય હાંસલ કરી શકાય. યુવાનો નિષ્ક્રિય છે એ ખોટું છે. એમને કાર્ય કરવાની વડીલોએ તક આપવી જોઇએ. પછી જો યુવાનો નિષ્ફળ જાય તો જ નિષ્ક્રિય કહી શકાય.

અનુસંધાન પાના નં. ૯ ઉપર

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસવીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
: સહતંત્રી :
ઉદયન લાલજી લોડાયા

અંક નં. 26/2018

## એક વિચાર
## મુંબઈ મહાજન - અનંતનાથ ટ્રસ્ટ - વહીવટ

- નરેન્દ્ર શામજી દંડ / કુમાર બાબુભાઈ દંડ.




પ્રકાશ સમીક્ષાના ગત અંક માં તંત્રી લેખ વાંચ્યો. ૧૫-૨૫ કરોડની ગતીવિધી, વ્યવસ્થાપક સમિતિની મીટીંગ, ટ્રસ્ટીઓની દુરંદેશી વગેરે. ભૂતપૂર્વ ટ્રસ્ટીઓ સાથે પણ વાત થઇ, અન્ય સંસ્થાના ટ્રસ્ટી સાથે પણ વિચાર-વિર્મશ થયા, અને આપણા ટ્રસ્ટ-મહાજન અને અન્ય સંસ્થાઓના લેખા-જોખા થયા.

ગત ટ્રસ્ટ બોર્ડમાં ૯.૦૦ કરોડ ના એગ્રીમેન્ટ થી ૪૨.૫ કરોડ જેવી મોટી રકમ સાધારણ દ્રવ્યમાં આવી (જેમાંથી ૨.૫ કરોડ આવવાના બાકી છે).

હવે આ રકમનું શું કરવું ? કેવી રીતે ખર્ચવી ? ક્યાં રોકાણ કરવું, ? જ્ઞાતિની જરૂરિયાત શું છે ?

આપણી સાથે કાંજૂરમાર્ગ પ્લોટની હકીકત સામે છે. મોટો પ્લૉટ પણ હમણા કામનો નહીં. 'હોપ ૧૦૦૦'ની સ્કીમ મોટી, સારી પણ TITLE CLEAR નહીં. આપણું રોકાણ ક્યાંય સલવાઇ ન જાય તે જોવું રહ્યું.

આપણા અનંતનાથ ટ્રસ્ટની હાઇકોર્ટની સ્કીમ ખૂબ જૂની છે. રૂા. ૫૦૦ થી રૂા. ૫૦૦૦નો વહેવાર કેમ કરવો તેના rule-regulation છે. આ ફેરફાર કરવું અત્યંત આવશ્યક છે.

મુંબઈ મહાજનનું બંધારણ સુદૃઢ છે. પણ તે પ્રમાણે આપણને ચાલવું નથી. અમારા અનુભવ અને બંધારણ પ્રમાણે દર વર્ષે વાર્ષિક જનરલ બોડી મીટીંગ (AGM) ફરજીયાત છે. જેમાં ગત વર્ષના લેખા-જોખા અને આવતાં વર્ષનું પ્રોજેક્ટ મુંબઈ મહાજનના સભ્યો સામે રાખી ચર્ચા-વિચારણા થાય અને તે પ્રમાણે કાર્ય આગળ વધે.

કેટલાક વર્ષોથી આ બંધારણીય કાર્ય થતું નથી જેથી ટ્રસ્ટ-મહાજનના અધિકારીઓ અને જનરલ જ્ઞાતિજનો વચ્ચે કોઇ વિચાર-વિમર્શ પાંચ વર્ષો દરમ્યાન થતા નથી.

ઐરોલી વાડીનું બાંધકામ ગત મહાજને ન છુટકે (પ્લોટ જતો હોવાથી) શરૂ કર્યું અને હવે કાર્ય આગળ વધ્યું નથી. આ વાડીના જે પણ કાંઇ પ્રોબ્લેમ-સલાહ-સુચન હોય તે જનરલ મીટીંગમાં વાત થયે, નીરાકરણ થઇ શકે. ક્યાંક હઠાગ્રહ, વાતચીત ન કરવાને કારણે અને મતભેદ કરતા મનભેદને કારણે, જ્ઞાતિ બહુ મોટું નુકશાન ભોગવી રહી છે. આવું જ અનંતસિધ્ધિના રીડેવલેપમેન્ટ બાબત. થોડા કાર્યકરો-આગળ પડતા લાકો - ભાડુતો સાથે મીટીંગ થઇ પણ એકડો ઘુટાતો નથી. આ કાર્યને ફલાણા અટકાવી રહ્યા છે, ઢીકણા વચ્ચે આવે છે તેવી વાતચીત સંભળાય છે. આ બધું પેટછુટી વાતચીત કરતાં નીરાકરણ થઇ શકે. છેલ્લે ટ્રસ્ટી-અધિકારીઓ માલીક નથી જ, જ્ઞાતિના કાર્યકરો છે. જ્ઞાતિ (મુંબઇ) કહે તે કરવાનું છે. આમાં ડર શેનો ? માલીકી ભાવ વચ્ચે ન લાવતા, જ્ઞાતિજનોનો અભિપ્રાય લઇ આગળ વધવું જોઇએ.

એક દૃષ્ટાંત પ્રમાણે મુંબઈના મુલુંડનું વાસુપૂજ્ય જિનાલય, એકદમ જીવતું-જાગતું અને ધાર્મિક વાતાવરણથી ગુંજતુ, ચાર ફીરકાઓને સંભાળતું, તેની પણ વાર્ષિક સભા દરવર્ષે થાય અને ક્યાંક મતભેદ હોય પણ તેનું નીરાકરણ થાય અને વડિલોની સુઝ-બુઝ અને યોગ્ય લીડરશીપથી કાર્ય આગળ વધે. આવું જ અમારા તેરા ગામનું છે. દર વર્ષે જનરલ મીટીંગ અને તેમાં હિસાબોના લેખા-જોખા થઇ જનરલ બોડી પોતાના મંતવ્યો સાથે બહાલી આપે.

આપણી આ માતબર સંસ્થાઓમાં કેમ હજી પારદર્શકતા આવતી નથી ? વર્તમાન મુંબઇ મહાજનના અધિકારી-ટ્રસ્ટીઓને વિનંતી. આ ભૂલાઇ ગયેલો ચીલો ચાલુ કરી તમારા ઉદ્દેશો સભ્યો સામે રાખો અને જેથી આગળ વધવાના રસ્તાઓ ખૂલ્લા થશે.

આપણે સહુએ જોવાનું છે કે વર્ષો બાદ મળેલી આ રકમ ક્યાંય સલવાઇ ન જાય અને વ્યર્થ ખર્ચાઇ ન જાય.

મળેલ જાણકારી પ્રમાણે આ સાધારણ રકમનું વ્યાજ આપણા મહોત્સવ-જમણવારમાં ખર્ચાય છે. આ બિલકુલ ચાલી જ ન શકે એવું અમારું માનવું છે. આ દેરાસરના સાધારણ ખાતાનું દ્રવ્ય છે. જેની વિવિધ યોજનાઓ બનાવી (સમદષ્ટીથી) જ્ઞાતિને મદદરૂપ થઇ શકાય.

કોઇને પણ આગળી ચીંધવાનો આ પ્રયત્ન નથી, પણ સંસ્થાઓ જ્ઞાતિ માટે બંધારણીય કાર્ય કરી શકે તે માટે વિચાર વહેતો મુક્યો છે. જ્ઞાતિજનો યોગ્ય પ્રત્યુતર આપશે.

# BED SORES

**પથારી પર સૂતાં સૂતાં ચાંદા પડ્યા છે ?**

**૧૦૦% ઈલાજ માટે સંપર્ક સાધો :**

**97696 48863**

**93240 13680**

**FOR PAINFUL BED SORES**

Contact : **Dharmendra Ratilal Nagda**

Chachawala - Matunga


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## પાલીતાણાને હિંસામુક્ત બનાવવા મહાસભા યોજાઈ

અમદાવાદ : અત્રે ૧૬ જુન ૨૦૧૮ના જૈનોના મહાતીર્થ પાલીતાણાને હિંસામુક્ત બનાવવા યોજાયેલી વિરાટ શત્રુંજય અહિંસા મહાસભામાં ૧૨૭ સંઘોના પ્રતિનિધિઓ, સમાજના શ્રેષ્ઠીઓ અને મોટી સંખ્યામાં જૈનો ઉપસ્થિત હતા. પંન્યાસ વિરાગસાગર મહારાજાસાહેબે સભાને સંબોધતાં કહ્યું હતું કે ‘પાલીતાણામાં હિંસા થઇ રહી છે, માંસ-ઇંડાંનું વેચાણ થઇ રહ્યું છે, માછીમારી થઇ રહી છે તેમ જ પાલીતાણામાં જૈનોની વસ્તી ઓછી થઇ રહી છે ત્યારે જૈનોએ જૈનોના પડખે ઊભા રહેવું પડશે. શત્રુંજય નદીમાં આજે પણ માછીમારી થાય છે. પાલીતાણામાં ભૂંડોને મારવામાં આવે છે. અહીં પહેલાં જૈનોના ૧૦૦૦ ઘર હતા આજે ૪૦૦ છે. ત્યારે તમને આહ્‌વાન કરું છું કે પાલીતાણામાં જૈન મેગા સિટી ઊભી કરો.

આચાર્ય મહાબોધિસૂરીશ્વરજી મહારાજાસાહેબે કહ્યું હતું કે ‘વલભીપુર ખાલી ગઇ ગયું. ગારિયાધાર, શિરોહી ખાલી થઇ રહ્યાં છે. તાલુકામાં જૈનો રહેતા નથી ત્યારે જૈનો પોતાની દૃષ્ટિને દીર્ઘ કરે તો કમાલ થઇ જાય. ડોંબિવલી, મુલુંડ, ઘાટકોપરના જૈનો મૂળ પાલીતાણાથી આવેલા છે. એમાંના સક્ષમ લોકો જૈનોને સહાય કરીને પાલીતાણામાં વસાવવા માટે આગળ આવે. આ માટે ડોંબિવલી, મુલુંડ અને ઘાટકોપર કાફી છે. જૈન અગ્રણી અને ઍડ્વોકેટ નિમિષ કાપડિયાને સભાને સંબોધતાં કહ્યું હતું કે ‘પાલીતાણામાં બ્રિજથી લઇને તળેટી સુધી જતા રસ્તા પર માંસ, મચ્છી, ઇંડાં વેચવાં નહીં, એનો વપરાશ ન થાય એવા ગુજરાત સરકારે પ્રતિબંધ મૂક્યો છે, પરિપત્ર બહાર પાડ્યો છે ત્યારે એનો અમલ કરાવવા ગુજરાત સરકારમાં રજૂઆત કરવી પડશે. મહાસભાના અંતે પાલીતાણાને હિંસામુક્ત બનાવવાની જે પ્રવૃત્તિ સાચા માર્ગે, સાચી દિશામાં કરવાની છે એની સંપૂર્ણ જવાબદારી મહાસંઘ ઉપાડી લેશે અને સૌના સહકારથી પાલીતાણાને હિંસામુક્ત કરીશું એવી ખાતરી આપવામાં આવી હતી.


## શ્રી મહાવીર એમ્બ્રોઈડરી

**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

**સાચી જરીના ઘરચોળા તેમજ સાચી જરીની સાડીઓ સારા ભાવે વેંચાતા લઈશું.**

સોમવાર બંધ


### જાહેરાત આપનારાઓને નિવેદન

પ્રકાશ સમીક્ષામાં જાહેરાતની મેટર ટપાલ કે ઈમેઈલ દ્વારા મોકલાવતી વખતે એક જવાબદાર વ્યક્તિનો મો. નંબર મોકલવો જેથી આવશ્યક હોય ત્યારે સંપર્ક સાધી શકાય.

# વહીવંચા અને આપણો ઈતિહાસ - ધરમસી ગોત્ર

**રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. ૯૮૨૦૩૩૬૭૬૭**

ઈતિહાસની અમરવેલ : ઓસવાલનાં લેખક માંગીલાલ ભૂતોડિયા નોંધે છે કે ગુજરાતમાં વસતા ઓસવાલોની વંશાવલીઓ મારવાડનાં જુદા જુદા યતિયો દ્વારા ઉપાશ્રયમાં વિક્રમની ૧૬મી સદી સુધી એમનાં કુલગુરૂઓ દ્વારા નોંધવામાં આવતી. પાછળથી આ કાર્ય યતિયોએ ભટ/બારોટની કોમને સોંપ્યું જેઓ વહીવંચા તરીકે ઓળખાયા.

આપણાં વડિલોએ પોતાનો નબળો સમય છતાં સારૂં આપીને, અને ન આપી શકાય તો આવતે વરસે આપવાની શરતે નોંધ કરાવી ઈતિહાસ જીવંત રાખ્યો અને તેથી આપણે આપણાં પૂર્વજોની વિગતો મેળવી શક્યા છીએ. કચ્છ, સૌરાષ્ટ્રમાં વહીવંચાઓને શીખ, નોંધના લાગા, પહેરામણી વસ્ત્રો, સોનું, ચાંદી, વાસણો, ગાય, ઘોડા, અનાજ આદિ વડિલો આપતા તેથી આ વારસો જળવાઇ રહ્યો, જ્યારે ગુજરાતનાં અન્ય વિભાગોમાં વહીવંચાને ઓછું પ્રોત્સાહન મળતા તેઓએ ત્યાં જવાનું બંધ કર્યું અને તેથી વંશાવલીઓની કડીઓ તુટી ગઇ અને સળંગ વંશાવલી મળબી મુશ્કેલ બની. આપણાં વડિલોની આવડત અને કોઠાસુઝ કાબીલે દાદ છે.

ધરમસી પરિવારની વહીમાં રહેલી ક્ષતિઓથી ઘણી કડીઓ જોડવી મુશ્કેલ છે. છતાં આવી નોંધો જાણ ખાતર રજૂ કરી છે. કોઠારાથી વડસર થઇ તેજા જેવતાણી લુણી વસ્યા તેમજ તેના ભાઇ જેઠા જેવતાણી ગોએરસમા વસ્યા. તેની ઉપરની વંશાવલી તેજા-જેવત-ભોજા-કામાણી-કુંભા-નાથા-પાલણ-નરપાર-ખેતસી-નોંધા-નરસી-મદૈયાણી-આસદેઆણી-ધરમસીઆણી છે.

કોઠારેવારા-વારાપધરવારા-ખીરસરેવારા દેવરાજ મેઘણ તથા વીરઘોર મેઘણ. આગળની વંશાવલી મેઘણ-વેજાણી-નાંઇયા-નાગપાર-ખીમાણી-નરસી-મદૈયાણી-આસદેઆણી-ધરમસીઆણી. દેવરાજ પુત્ર દેવસી અને વીરઘોરનાં પુત્રો રૂપસી અને ગોવધો.

શાખ ધરમસી તેરેવારા-રામપરવારા-ગોરખડીવારા તેજપાર નાથાણી. આ પરિવારની પાંખડી મયંક-હિરેન-જયંતીલાલ-લખમસી-વેલજી-મુરજી-ડાયા-તેજપાર-નાથાણી-દેસર-મણસી-નાયક-ધીરણ-માલાણી-મહૈયાણી-આસદેઆણી-ધરમસીઆણી.

આ પરિવારમાં હીરાચંદ-કુંવરજી-નથુ-હરપાર-હીરજી-તેજપાર-નાથાણી અને મહેશ-પોપટલાલ-રામજી-કરસન-ડાયા-તેજપાર-નાથાણી મળે છે. તેજપાર નાથાણીનો અન્ય પુત્ર કેશવ ડુમરાથી ગોરખડી આવ્યો તેવી નોંધ મળે છે.

કેશવના પુત્રો ચાંપસી, જીવરાજ, હંસરાજથી આગળ માહિતી નથી.

ગોરખડીના વેલજી મુરજી ધરમસીએ સવંત ૧૯૯૧ પોષ સુદ ૧૩થી ફાગણ સુદ ૧૩ સુધી ૬૦ દિવસની શીખરજી, રાજગૃહી, ચંપાપુરી, પાવાપુરી, અયોધ્યા, રાણકપુર, તારંગા, આબુ, કેસરીયાજી, પાટણ, અમદાવાદ, ભરૂચ, સુરત, પાલીતાણા, વિ. તીર્થોની યાત્રા કરી તેમજ મોડપુર તીર્થે દાદા ગૌતમસાગરસૂરીશ્વરજીની પ્રેરણાથી યુગ પ્રધાન દાદા શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીનાં પગલાનું યાત્રા નિમિત્તે નિર્માણ કરાવેલ છે

પાસવીર સવરાજ તથા તેમનાં પિતરાઇ મુરજી મેઘણનો પરિવાર કોઠારાથી પ્રથમ મોટી ખાવડી અને ત્યારબાદ નાની ખાવડી વસ્યા. પાછળથી મુરજી મેઘણનો પરિવાર દલતુંગી વસ્યો. આ પરિવારની વંશાવલી : રાજેશ-અમૃતલાલ-ટોકરસી-પદમસી-પાસવીર-સવરાજ-દેવસી-મેગરાજ-સોમાણી-સરીપાર-ગોવધાણી-ગલૈયા-જીવાણી-આસદેઆણી-ધરમસીઆણી છે. દલતુંગીની પાંખડી લલિત-પ્રવિણચંદ્ર-રાયસી-મુરજી-મેઘણ-દેવસી-મેગરાજ... (આગળ ઉપર મુજબ) છે.

હધા ખીંયસી સુથરીમાં હતા. જેની પાંખડી : હીરાચંદ-ઉમરસી-રામૈયા-રતનશી-મણસી-લાલજી-દેવજી-હધા-ખીંયસી-કલ્યાણ-રાજસી-પોનરાજ-માણક-દેઅસી-ગંગાણી-મેરગ-અસદેઆણી-ધરમસીઆણી છે.

સુથરીના નિશાંત-પંકજ-વિનયચંદ્ર-રાયચંદ-ચાંપસી-દેવણાંધ તેજપાર-લખમસી-ભારમલ-સવા-દેવસી-ધનપાર-રાજપાર-મણસી-પાલાણી-કાંયા-નરસી-મદૈઆણી-આસદેઆણી-ધરમસીઆણી દેવણાંધ તેજપારના ભાઈ પદમસી તેજપારનો પરિવાર સુથરીથી જખૌ વસ્યો.

અન્ય નોંધમાં કેશવ મુરાણી કોઠારે છે. પુત્ર સોમુ કેશવ નરીયે છે. પાંખડી : હેંમત-પ્રવિણ-શામજી-રાયસી-ધારસી માણેક-ખીંયા-મુરાણી-મેઘા-હરગણ-પતાણી-મેઘણ-મેપા-જીવરાજ-ગોસર-નાગપાર-ધરમસીઆણી છે. કેસવ મુરાણી અને ખીંયા મુરાણી ભાઇઓ છે. સોમુ મુરાણીનાં પુત્રો-ડોસા, ધનજી અને હંસરાજ હતા.

જખઉનાં નાંઇયા કાનાણીનો પરિવાર નલીયાથી આવેલ છે. તેની પાંખડી : હિતેશ-હરીશ-પદમસી-ખીંયસી-મેઘજી-લધા-પાસવીર-વીરઘોર-હીરજી-આસદે-ખીંયસી-નાંઇયા-કાનાણી-વરધો-માડણ-ખીંયુ-આસર-નરપાર-ધરમસીઆણી છે.

જખૌવારા રાગવ-સારંગ-ધરમસી-વેરસી-નાંઇયા હાલારમાં મિઠોઇ હતા અને તેનો પુત્ર કલ્યાણ રાગવાણી

જામનગર હતો.

જાખઉના કુણાલ-લલિત-કાનજી-પદમસી-ત્રીકમજી-દેરાજ-વીરધોર-હીરજી-આસદે-ખીંયસી-નાંઇયામાં મળે છે.

ધરમસી પરિવારની થોડી અન્ય પાંખડીઓ નીચે મુજબ છે.

૧) જસાપર : આકાશ-રાજેશ-પુનમચંદ-લક્ષ્મીચંદ-ધનજી-ખીંયસી-હંસરાજ-હીરજી-કેશવ-દુદાણી-દદપાર-ગોસર-ખીમા-તેજસી-દેઅસી-દેવરાજ-વિસર-ઓભાઇયા-ધરમસીઆણી.

૨) તેરા : વિરેન-નરેન્દ્ર-ગોવિંદજી-રાયમલ-હંસરાજ-લધા-કાંયા- સોદે-દેવરાજ-પત્રામલ-જાલાણી-સારંગ-પુનસી-લખીયાણી-નરપારાણી-ધરમસીઆણી.

૩) જખૌ : જીતેન-સુનીલ-પ્રેમચંદ-લધુભાઈ-હીરજી-દેવજી-કુરપાર-રણસી-હરપાર-હરભણ-જાલાણી... (આગળ નં. ૨ મુજબ)

૪) બાંયટ : પ્રેયાંક-વિપુલ-હરીશ-ભવાનજી-કેશવજી-લધા-દામજી-જેઠા-દેવસી-ભોજરાજ-ગોવધાણી-દેસર-સોમસી-વીસાણી-ઉદાણી-કાંયુ-રણમલ-ધરમસીઆણી. (કેશવજી લધા કોઠારા-તેરાથી બાંયટ વસ્યા છે)

૫) સાંધણ : મહેન્દ્ર-વિશનજી-દામજી-પાસુ-પરબત-જેઠા-રાયધર-પોનરાજ-થાજઉ-કાંયા-ભોજરાજ-સારંગ-પોનસી-લખીયાણી-નરપારાણી-ધરમસીઆણી.

**- ક્રમશઃ**

## પાસ થયા અભિનંદન



**કુ. સલોની અરૂણ મોતા**
(કોઠારા - મેહબૂબનગર)
12th Commerce
**માં 95.4%**


# સોનલ આર્ટ

**પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.**

**શાંતીભાઈ - 9967841792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા.



## Seeking Alliance for Girl

**Residing in South Mumbai.**

**Currently Pursuing**

- Post Graduate Diploma in Financial Management

**Education Qualification**

- Master of Commerce (Banking and Finance)
- Bachelors of Financial Markets

Working at MNC as
**Consultant -** Finance, Treasury

| | | |
|---|---|---|
| Kundli | - | **Yes** |
| Height | - | **5.2** |
| Born | - | **1995** |

**Contact / WhatsApp Biodata on**

**9594054043**


## વારાપધર ગામમાં લાલકા પરિવારની પેડી

વારાપધર ગામમાં બીરાજમાન **લાલકા પરિવારનાં કુળદેવી ચામુંડા માતાજી ની નવમી પહેડી સાથે** ગંધી **બદલવાનું** કારતક સુદ પૂનમ **તા. ૨૩-૧૧-૨૦૧૮ શુક્રવારના** વારાપધર ગામમાં રાખવામાં આવેલ છે. નવકારશી, વારાપીરની પેડી માતાજીનાં સ્થાનમાં હવન, પેડી પ્રસાદ **આણંદજી જેઠાભાઈ લાલકા** હસ્તે **અંકુર દીપકભાઇ લાલકા, વારાપધર (સેધવા) પરીવાર** લાભ લીધેલ છે.

**સર્વ ભાવિકો નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ.**

ટ્રેન ટીકીટો તથા રહેવાની વ્યવસ્થા પોતાની રીતે કરવાની.

**: સંપર્ક :**

| | | |
|---|---|---|
| **પદમશીભાઈ એલ. લાલકા** | આદીપુર | **- 221427/223567** |
| **કાન્તીભાઈ કે. લાલકા** | આદીપુર | **- 9377088890** |
| **રાકેશભાઈ કે. લાલકા** | બરોડા | **- 9825741467** |
| **દીપકભાઇ આણંદજી લાલકા** | સેધવા | **- 9424825400** |
| **કુસુમકાંત કે. લાલકા** | ડોંબિવલી | **- 9323961617** |
| **વિનોદભાઇ કે. લાલકા** | ઘાટકોપર | **-** |
| **તિલક કે. લાલકા** | ડોંબિવલી | **- 7045556651** |

## ૨૧ મી સદીમાં પ્રભુની વાણી - ભાગ ૨

- **પ્રવીણ લોડાયા**, વડોદરા

**પ્રકાશ સમીક્ષાના અંક નં. ૨૫માં આવેલ મારા લેખ બાબત ઘણા જ સારા પ્રત્યાઘાત મળેલ તે બદલ સૌનો આભારી છું દરેક જ્ઞાતિજનને અપીલ છે કે પોતાની નિરિક્ષણ શકતી મજબુત બનાવે અને પ્રભુએ કહેલા માર્ગ ઉપર ચાલે.**

પ્રભુના વ્યાખ્યાનનો સાર આ પ્રમાણે છે. ૨૫૦૦ વર્ષ પછી મેં શ્રીમદ રાજચંદ્રને પૃથ્વી પર મોકલ્યા. તેમણે મારી વાણી ફરી સંભળાવી. 'હું કોણ છું ?' મારૂં મૂળ સ્વરૂપ શું છે ? 'અને મારૂં અંતિમ ધ્યેય શું છે ?' એવા પ્રશ્નો સહુએ પોતાની જાતને અહર્નિશ પૂછવા જોઇએ અને પછી એ પ્રશ્નોનો ઉત્તર પોતાના સાધકજીવન દરમિયાન સતત ચિત્તમાં ધારણ કરવો જોઇએ.

શ્રીમદ રાજચંદ્રે 'આત્મસિધ્ધિ શાસ્ત્ર' માં સંપૂર્ણ નિચોડ આપી દીધો, તો પણ માણસો ઠેરના ઠેર રહ્યા. જેમ મારા અનુયાયીઓએ અલગ અલગ ફિરકા બનાવ્યા. દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી, તેરાપંથી એવીજ રીતે શ્રીમદ રાજચંદ્રના શિષ્યોએ પણ પોતાના અલગ અલગ ચોકા બનાવ્યા.

શ્રીમદનો ઉપદેશ જૈન સિવાય અન્ય જ્ઞાતિના ભાઇશ્રી મોહનદાસ કરમચંદ ગાંધીએ સાંભળ્યો અને તેમાંનો એક જ સિધ્ધાંત 'અહિંસા' તેણે ઉંચકી લીધો અને સમસ્ત પૃથ્વીપર 'મહાત્મા' બની રહ્યા. જ્યારે મારા સાધુઓ પદમશ્રી, પીએચડી જેવી તુચ્છ ડીગ્રીઓ પાછળ સમયને બરબાદ કરતા રહ્યા.

મારા અનુયાયીઓમાંથી આ તો કોઇ કરી શકવાના નથી કારણ કે આ ફિરકાઓના ઝઘડામાંથી જ તેઓ ઊંચા આવવાના નથી. બે તિથિના ઝઘડામાં જ અટવાયા છે, ચોથના પ્રતિક્રમણ કરવું પાંચમના કરવું એ વાદવિવાદમાંથી તેઓ બહાર નિકળશે નહીં જેથી આમ જનતા ઉપર તેમની અસર પડી શકે નહીં. પોતે જ જ્યાં ગોળ ખાતા હોય ત્યાં બીજાને ઉપદેશ આપીને એને ગોળ છોડાવી ના શકે.

'મહાત્મા ગાંધી' જેવો અન્ય જ્ઞાતિનો માણસ જ મારા સિધ્ધાંતોને સમજી શકે. દા.ત. માર્ટિન લ્યુથર કિંગ અને નેલ્સન મંડેલા એમના જેવા માણસ મથે તો દુનિયામાંથી આતંકવાદ જરૂરથી નષ્ટ થઇ જાય. અપરિગ્રહનો સિધ્ધાંત પણ ગાંધીએ અપનાવેલો. મારા શિષ્યોનો પરિગ્રહ તો તમે જોતા જ હશો.

ચીન અને તિબેટ એ બૌધ્ધ ધર્મી છે એમ તમે માનો છો પરંતુ ત્યાં એક સમેય જૈન ધર્મનું વર્ચસ્વ હતું તે તમે જાણો છો ? દલાઇ લામાના નિવાસસ્થાન ધર્મશાળામાં પ્રાચીન તિબેટી ભાષામાં લખાયેલા અનેક ગ્રંથો છે તેમાં જૂની તિબેટી ભાષામાં લખાયેલા ''ગાંગકાર ટેકશી'' નામના ગ્રંથમાં જૈન ધર્મના વર્ણનો વાંચશો.

સંપ્રતિ રાજાએ પોતાના સામ્રાજ્યમાં અને વિદેશોમાં જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. સમ્રાટ સંપ્રતિના આક્રમણથી રક્ષણ મેળવવા માટે ચીનની પ્રસિધ્ધ દીવાલનું નિર્માણ થયું હતું. દક્ષિણ ચીન સુધી જૈન ધર્મ પ્રસરેલો હતો અને તિબેટનો મુખ્ય ધર્મ જૈન ધર્મ હતો.

ધર્મપાલનમાં પ્રયોજાતાં સાધનની શુધ્ધિનો હવે કોઇ વિચાર કરતું નથી. જ્યાં સ્વાદ ઉપર વિજય મેળવવા આયંબિલ કર્યું હોય અને અનેક વાનગીઓનો થાળ ભર્યો હોય તે કેમ ચાલે ? યેં આપેલા 'વૃત્તિસંક્ષેપ'ના વિચારનો લોપ કરવામાં આવ્યો. મહાવીરના સંતાનોને ડાયાબીટીસ, બીપી, કોલેસ્ટ્રોલ કેવી રીતે થાય, જો આ વ્રતનું પાલન કરવામાં આવ્યું હોય.

મારા કોઇ પણ સાધુઓમાં મહાયોગી આનંદઘનની મસ્તી દેખાય છે ? 'આશા ઓરત કી ક્યા કીજે' કહીને આ અવધૂત યોગીએ 'અબ હમ અમર ભયે'ની પરમ સ્થિતિનો અનુભવ કર્યો. પરમનો સ્પર્શ પામવા ભીતરમાં તીવ્ર તરસ જાગવી જોઇએ. તો જ આત્મસાક્ષાત્કાર થાય.

હવે તો ઘણા ટ્રસ્ટમાં ટ્રસ્ટીઓ તરીકે પણ સાધુગણ જોડાઇ જાય છે પછી વાંધા પડે ત્યારે શ્રાવકો સામે કોર્ટે પણ ચડે છે. મિલ્કતો માટે સામાન્ય માણસની જેમ કોર્ટે ચડે છે. અસભ્ય ભાષાનો ઉપયોગ કરે છે. પ્રભુ, ખરેખર તમે બહુ છુટ આપી દીધી છે. પ્રભુ હસ્યા.

હવેનો કેવલ જ્ઞાન મોબાઇલમાં છે. લગભગ દરેક સાધુઓ પાસે વોટસએપ અને ફેસબુક છે. ફેસબુકમાં દર વખતે અલગ અલગ ફોટા મુકવા સમયની બરબાદી કરાય. કારણ હવે ખબર છે કે દીક્ષા લીધી. એટલે મોક્ષ-માર્ગ તો એમના માટે ખુલ્લો થઇ ગયો છે પછી ડર શાનો ?

શ્રાવકોને પણ ખુશ રાખે છે. ઘેર બેઠા પ્રવચનો મોબાઇલમા સંભળાવે છે અને ઘેર બેઠા એસીમાં પ્રવચન સાંભળવાથી મોક્ષ આપવાની ગેરંટી આપે છે.

શ્રાવકો બીમાર પડે તો તેમને આયંબિલ કરવાનું કહે છે. જાપ કરવાનું કહે છે, પુજા ભણાવવાનું કહે છે પરંતુ પોતે બીમાર પડે તો હોસ્પિટલમાં દાખલ થાય છે. એક સાધુ તો ગ્લોબલ હોસ્પિટલમાં દાખલ થયા જેનું કરોડ દોઢ કરોડનું બીજા શ્રાવકોએ ચુકવ્યું છતાં તેઓ કાળધર્મ પામ્યા. મારા પર હવે સાધુઓને પણ શ્રધ્ધા રહી નથી. તો શ્રાવકોને ક્યાંથી રહે ?

કોઇ આચાર્ય એમ નથી કહેતા કે અમને તમારા ચોપડાના જ પૈસા ચેકથી આપો. પરંતુ બે નંબરના પૈસા ચાલશે એમ કહીને રાષ્ટ્રનો દ્રોહ કરાવે છે. કોઇક જ વિરલો હશે કે જેઓ ચેકથી પૈસા આપે છે.

બીલ ગેટસ્, વોરેન બફેટ, માર્ક ઝકરબર્ગ, અઝીમ પ્રેમજી, નારાયણ મૂર્તિ ક્યારે પણ વ્યાખ્યાન સાંભળવા ગયા નથી છતાં પોતાની સંપત્તિનું કોઇએ ૯૦ ટકા, કોઇએ ૭૫ ટકા, કોઇએ ૫૦ ટકાનું દાન કર્યું છે અને હજી પણ કરતા રહે છે.

સમસ્ત ભારતમાં આંગળીના વેઢે ગણાય એટલી જૈન સ્કુલ કે જૈન હૉસ્પિટલ બની હશે. જૈન યુનિવર્સિટીની તો વાત જ ન કરાય. જ્યાં સુધી જૈનો ગંભિરતાપૂર્વક જૈન ધર્મનો અભ્યાસ નહીં કરે. સાચા હદયથી અભિમાન, ઇર્ષ્યા નહીં છોડે ત્યાં સુધી ભગવાન મહાવીરની વાણીનો મર્મ નહીં સમજી શકે.

અનંદલબ્ધીનિધાનાય શ્રી શાંતિનાથાય નમઃ શ્રી ગૌતમસ્વામીને નમઃ



# શ્રી મહારાષ્ટ્ર રાજ્યે
# ખાનદેશ વિભાગે
# શ્રી પારોલાતીર્થની
# પવિત્ર ધરાઉપર

વિશ્વશાંતીદાયકત્રિલોકનાથ

## શ્રી શાંતિનાથજિનપ્રસાદે

## મહામંગલકારી ચાર્તુમાસ પ્રવેશ તથા પર્યુષણ પર્વ આરાધના

## સ્નેહસભર સાદર આમંત્રણ

વ્હાલભર્યા વધામણા
પ્રેમે કરજો પધરામણા....

શ્રી સંઘ/નવકારમંત્ર આરાધકશ્રી.

પ્રણામ / જય જિનેન્દ્ર ! સહર્ષ જણાવવાનુ કે,

**પરમતારક દેવાધિદેવ... પરમકૃપાળુ અરિહંતદેવ... શ્રી શાંતિનાથદાદા ની પરમકૃપાદૃષ્ટીથી...**

**શ્રી પારોલા તીર્થમાં** શ્રીસંઘને સંવત ૨૦૭૪ નાં ચાર્તુમાસ પર્વ ઉજવણીનો અલભ્ય લાભ નો પુણ્યોદય પ્રાપ્ત થયેલ છે...!

ચૈત્ર વૈશાખ ને જેઠ રૂપી જેવા તમ કર્મોથી... આપણાં કર્મજીવન ને... શાતા આપવા માટે...

આષાઢ શ્રાવણરૂપી પ.પૂ. ગુરૂભગવંતો આશિર્વાદ આપવા પધારી રહ્યાં છે ...!!!



### દિવ્યા-આશિષ

કૃપાવાત્સલ્ય રાષ્ટ્રસંત... અચલગચ્છાધિપતિ...

**પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ.સા.**

શાંતમૂર્તિ... પ.પૂ. નિરંજનાશ્રીજી મ.સા.

શાસનપ્રભાવિકા... પ.પૂ. પુણ્યોદયશ્રીજી મ.સા.

### આજ્ઞા-આશિષ

અચલગચ્છાધીપતી... તપ ચક્રવર્તી...

૫૨ માં વર્ષીતપનાં આરાધક...

**પ.પૂ.આચાર્ય ભગવંત**

**ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.**



### મંગલ-આશિષ

સાહિત્યદિવાકર... પ.પૂ.આ.ભ.શ્રી. કલાપ્રભસાગર સુરીશ્વરજી મ.સા.

જ્યોતિષાચાર્ય... પ.પૂ.આ.ભ.શ્રી. વીરભદ્રસાગર સુરીશ્વરજી મ.સા.

સરલ સ્વભાવી... પ.પૂ.આ.ભ.શ્રી. કવીન્દ્રસાગર સુરીશ્વરજી મ.સા.

આગમાભ્યાષી... પ.પૂ.આ.ભ.શ્રી. મહોદયસાગર સુરીશ્વરજી મ.સા.

વ્યવહારદક્ષ... પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા.



### પાવન-નિશ્રા

પરમ વિદુષી સાધ્વીશ્રીજી પ.પૂ.શ્રી. પુણ્યોદયશ્રીજી મ.સા. ના શિષ્યા

શાંતસુધામયમૂર્તિ... શેરડીનાં મધમધતા મધુરરસ સમ વાણીનાં ધારક શ્રી...

## પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.

પ.પૂ.ખંતીગુણાશ્રીજી મ.સા., પ.પૂ. મલ્લિગુણાશ્રીજી મ.સા.,

પ.પૂ.ચૈત્યગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૪

**તેમના પાવન ચરણ રજ ની સ્પર્શના.. તેમજ શ્રી પારોલા તીર્થે ચાર્તુમાસ નિમિત્તે મંગલ પ્રવેશ....**

**કચ્છી નવું વર્ષ... આષાઢ સુદ બીજ ને તા. ૧૪/૭/૨૦૧૮ ને શનિવાર સવાર નાં ઠીક ૯.૩૦ કલાકે...**

**N.E.S. હાયસ્કૂલના ગ્રાઉંડથી ભવ્યાતિભવ્ય સામૈયા સહ વરઘોડો સુનિશ્ચિત કરવામાં આવેલ છે...!**

**આ મંગલ પ્રસંગે... શ્રી અચલગચ્છ નાં સર્વે જ્ઞાતિજનો ને ભાવભર્યુ નિમંત્રણ છે ! આપ સૌ સહપરિવાર પધારીને...**

**શ્રી જિનશાસન ની શોભામાં અભિવૃદ્ધી કરી... ઉપરોક્ત પ્રસંગમાં ચાર ચાંદ લગાડીને શ્રીસંઘ ને ઉપકૃત કરશોજી...!!!**

..........શુભસ્થળ..........

**શ્રી શાંતિનાથજી જૈન દેરાસર**

રથ ગલ્લી, પારોલા-425 111

જિ. જલગામ ☎ 02597 - 292449

..........નિમંત્રક..........

**પ્રમુખશ્રી શ્રી પારોલા ક.દ.ઓ. શ્વેતાંબર મુર્તિપૂજક જૈન સંઘ, પારોલા**

તેમજ કારોબારી કમેટી તથા ટ્રસ્ટ બોર્ડના સભ્યોના બહુમાન પૂર્વક જયજિનેંદ્ર વાચશોજી

**નોંધ : તા. ૮/૭/૨૦૧૮ રવિવાર ના મ.સા.નો નગર પ્રવેશ...!**

**દ્વિતીય જ્ઞાતિ સંમેલન** – અનુસંધાન પાના નં. ૨ થી ચાલુ

● શ્રી મણિલાલ રાયચંદ લોડાયાએ કહ્યું : 'પૈસા ફંડ યોજના'નો જો આપણી જ્ઞાતિમાં અમલ થાય, તો લાખો રૂપિયા એકત્ર કરી શકાય અને તેનાથી દરેક પ્રકારે જરૂરી શૈક્ષણિક સહાય પૂરી પાડી શકાય.'

● શ્રી કિરણ પિતાંબર પટેલે જણાવ્યું : 'આપણે સૌ ભૌતિક સુખમાં જ પડી ગયા છીએ. આપણને ખોટી જ દોરવણી મળી રહી છે. વિચારો પૈસાની જ આસપાસ ફર્યા કરે છે, તે ખોટું છે. સાચા વિચારો આપણે કરી શકતા નથી. વિચારોની નિષ્ક્રિયતા છે એમ કહીએ તો ખોટું નથી. આર્ટસ અને સંગીતના ક્ષેત્રે પણ પ્રયાણ કરવું જોઇએ. માહિતી કેન્દ્રની પણ સ્થાપના કરવી જોઇએ. પ્રેક્ટીકલ તાલીમ મળે તેમાં આપણી જ્ઞાતિની પેઢીઓ/ઉદ્યોગોનો સહકાર મેળવવા કોશિષ કરવી જરૂરી છે.'

● શ્રી નીતિન રતિલાલ લોડાયાએ કહ્યું : 'પ્રશ્નાવલિ દ્વારા રજૂ થયેલ વિચારો એ જ્ઞાતિના પ્રત્યાઘાતો છે. તેનું નિરાકરણ લાવવા વડીલોને વિનંતિ કરું છું.'

● શ્રી મણિકાંત મેઘજી મોમાયાએ જણાવ્યું : 'યુવાનો દરેક બાબતમાં માયકાંગલાપણું બતાવે છે, તે શરમજનક છે. શિક્ષણ, આર્થક બાબત ઇત્યાદિ દરેક બાબત વડીલો પર નાખીને યુવાનો પોતાની જાતને શરમાવે છે. આ યુવાનોએ દૃઢ મનોબળ અને વિચારશક્તિ કેળવવી જોઇએ અને સ્વબળે આગળ આવવા પ્રયત્નશીલ થવું જોઇએ.'

યુવા સમિતિના સભાસદોએ રજૂ કરેલા વિચારોનું શ્રી તિલકભાઇએ સમાપન કરતાં કહ્યું : 'વક્તાઓ તરફથી વિધવિધ પ્રકારના મંતવ્યો રજૂ થયાં છે. કેટલાંક અપરિપક્વ પણ કહી શકાય. ખેતીના વ્યવસાયમાં હવે રસકસ રહ્યો નથી. વ્યાપાર ધંધામાં સરકારી ડખલગીરી વધી છે. એટલે જો આર્થિક રીતે આપણે આગળ વધવું હોય તો શિક્ષણને પ્રાધાન્ય આપવું જ રહ્યું. સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ હવે ઓછામાં ઓછું શિક્ષણ કહી શકાય.

યુવાનો અને વડીલો વચ્ચે મતભેદ નથી, પણ વિચારભેદ છે. તેના લીધે અંતર પડી ગયું છે તે વિચારોની આપલે કરતાં દૂર કરી શકાય તેમ છે. યુવાનો અને વડીલોએ સાથ અને સહકારથી કાર્ય કરવાની ખૂબજ આવશ્યકતા છે.

કેળવણી ક્ષેત્રે પ્રગતિ સાધી જ્ઞાતિના યુવાનોએ સરકારી ક્ષેત્રોમાં ઉચ્ચ સ્થાન મેળવી જ્ઞાતિભાઇઓને પ્રેરણા આપવી જોઇએ અને વ્યવસાયમાં પ્રગતિ કરવા સહાયભૂત થવાની ભાવના કેળવવી જોઇએ. યુવાનો શિક્ષિતોને નોકરી અપાવી શકે તેવા ફકત ૨૦૦ જ્ઞાતિજનો તૈયાર થાય અને દિલચસ્પીથી કાર્ય કરે તો જ્ઞાતિનો કોઇ પણ શિક્ષિત યુવાન બેકાર ન રહે અને આર્થિક રીતે જ્ઞાતિ પણ સબળ બને.

નોકરીની તકો ઉપલબ્ધ કરી આપવાની પ્રવૃત્તિ સાથે સાથે હોશિયાર ભાઇબહેનોએ જ્ઞાતિના નબળા વિદ્યાર્થીઓને શિક્ષણનું ધોરણ સુધારવા સહાયતા સાથે સાથે વિવિધ લાઇનોના અભ્યાસ માટે અપ-ટુ-ડેટ માર્ગદર્શન મળે તેવી જોગવાઇ પણ યુવાનોએ કરવી જોઇએ. આ કાર્ય માટે વડીલોની ક્યાં આવશ્યકતા છે ?

યુવાનોએ ભંડોળ એકત્ર કરવાની પ્રવૃત્તિ પણ હાથ ધરવી જોઇએ અને તેના સંચાલનના સદુપયોગનો પણ અનુભવ લેવો જોઇએ. મૂંઝવણ આવે તો વડીલોનું માર્ગદર્શન ક્યાં ઉપલબ્ધ નથી ? સંમેલનના પરિણામે આવેલી જાગૃતિ અને એકતાની ભાવના કાયમી ચરિતાર્થ કરવા હું અપીલ કરું છું.'

ત્યાર બાદ આ કાર્યક્રમમાં હાજર રહેલા વડીલો પૈકી નીચેના ભાઇઓએ પણ માર્ગદર્શન અને સલાહ સૂચનો આપેલાં.

● શ્રી ટોકરશી પદમશી નાગડા કહ્યું : 'લઘુતા ગ્રંથિનો ત્યાગ કરી બંધુત્વ ભાવ અને સંગઠ્ઠન કેળવવાં જોઇએ. જ્યાં જ્યાં યુવાનોની સંસ્થાઓ છે, ત્યાં ત્યાં એમ્પ્લોયમેન્ટ એક્સચેંજ તથા વિચારોની આપલેની ગ્રુપ ડીસક્સન જેવી પ્રવૃત્તિઓનું આયોજન થવું જોઇએ. પોતાની પ્રવૃત્તિઓ માટે જરૂરી નાણાભંડોળ પણ પોતેજ એકઠું કરી લેવું.'

● શ્રી લક્ષ્મીચંદ મૂલજી લોડાયાએ જણાવ્યું : 'સને ૧૯૪૭માં સંમેલનમાં ઠરાવો તો ઘણા થયા, પણ મોટા ભાગના ઠરાવો ચોપડામાં રહ્યા, તે આ સંમેલન વખતે ન બને તેની તકેદારી રાખવા યુવાનોને અપીલ કરું છું. આ જ્ઞાતિમાં પૈસાની ખોટ નથી. જ્યારે જરૂર પડી છે ત્યારે પૈસાનો વરસાદ વરસ્યો છે. ખોટ છે ફક્ત સન્નિષ્ઠ કાર્યકરોની. યુવાન પેઢીને સમાજ સેવા પ્રત્યે પણ પ્રેમ રાખી તે તરફ વળવું જોઇએ.'

● શ્રી તરૂણકુમાર રાયચંદ નાગડાએ જણાવ્યું : 'યુવાનો ભણતર સાથે ગણતર કરી આગળ વધશે, તો આવતો સમય યુવાનોનો જ છે. યુવાનોએ પોતાની શક્તિને પિછાણી પોતાનું કાર્ય અને વર્તન કરવું જોઇએ.'

● શ્રી શીવજી કુંવરજી વિકમશીએ જણાવ્યું : 'યુવાનોમાં સમાજસેવા કરવા માટે સાચી નિષ્ઠાની જરૂર છે. યુવાનો કાર્ય કરશે તો તેમની કિંમત અવશ્ય થશે. તેમાં બદલાની આશા રાખવી નહિ. વિદ્યાર્થીવર્ગમાં પોતાની કારકીર્દિ ઉચ્ચ કક્ષાની ઘડવા નિષ્ઠા નથી. આવું શા માટે ? આટઆટલી સગવડો હોવા છતાં કોલેજમાં યુનિવર્સિટીની પરીક્ષાઓમાં આપણી જ્ઞાતિનાં વિદ્યાર્થી ભાઇબહેનો પહેલા પાંચ ક્રમાંકે પાસ થતા નથી ? વિદ્યાર્થીકાળમાં વિદ્યાર્થીએ શિક્ષણને જ મહત્ત્વ આપવું જોઇએ. સમાજસેવા કે રાજકારણને ભૂલી જવું જોઇએ. શિક્ષણ પૂરું કર્યા બાદ તેઓ વધુ સારી રીતે સમાજસેવા કરી શકશે. વિદ્યાર્થીઓનું શિક્ષણનું ધોરણ ઊચું આવવું જોઇએ


Upto
૩૫%
ઓફ
કાર્નિવલ
સેલ
શોપ નાઉ
લગ્નદિપ
Specialist In Real Zari Embroidery
SAREES | LEHENGAS | DRESSES | INDO WESTERN
Shop No. B-13, Jalaram Ashish, DeviDayal Road,
Mulund (w), Mumbai - 400 080.
T : 022 2568 0807 | M : +91 76666 88881 | +91 76666 22229
E : lagnadeepmulund@yahoo.com
Follow us on :
30th June
To
10th July 2018
OPEN on ALL DAYS

અને સાથે સાથે તેઓનો સર્વાંગી વિકાસ થવો જોઇએ. રમતગમત ક્ષેત્રે છે આજે આપણી જ્ઞાતિનો કોઇ યુવાન કે યુવતી ? શારીરિક સંપત્તિ પણ એટલી જ જરૂરી છે. વિદ્યાર્થીકાળમાં તો પહેલાં શિક્ષણ અને પછી સામાજિક પ્રવૃત્તિ આ જીવનનું ધ્યેય (Motto) રહેવું જોઇએ.'

- શ્રી માણેક કુંવરજી લુઠિયાએ કહ્યું : 'વિદ્યાર્થી અને યુવાનોએ સંગઠનની ભાવના કેળવી જીવન ઘડતર કરવું જોઇએ. આ માટે દરેક વેકેશનમાં શિબિરોનું આયોજન કરવું જોઇએ.'
- શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવાએ પોતાના સ્વઅનુભવો સાથે અપીલ કરી હતી કે, 'કોઇ બહારની વ્યક્તિ આવી અને તમારો આર્થિક વિકાસ કરી આપશે, એમ તમે માનતા હો તો એ તમારી ગંભીર ભૂલ છે. પોતાનો આર્થિક વિકાસ તો પોતે જ કરવો રહ્યો.'
- શ્રી લાલજી હંસરાજ લાલકાએ જણાવ્યું : 'રૂઢિગત પ્રણાલિકાઓ ત્યજી અને જમાનાને અનુરૂપ એવા રિતરિવાજો ઘડવા જોઇએ.'
- સંમેલનના પ્રમુખ શ્રી ભરત બી. ખીમજીએ જણાવ્યું : 'યુવાનોએ વિદ્યાર્થી કાળમાં શિક્ષણને જ મહત્ત્વ આપી ઉચ્ચ કક્ષાની કારકીર્દિનું ઘડતર કરવું જોઇએ, જેથી તેઓ પોતાનું ઉજ્જ્વળ ભવિષ્ય નિર્માણ કરી શકે.'
- યુવા સમિતિના આ કાર્યક્રમના એક અતિથિ વિશેષ શ્રી મણિકાંત રાયચંદ મોમાયાએ દર્દભરી અપીલ કરો : 'યુવાનોએ શિક્ષણનું મહત્ત્વ જરા પણ ઓછુ ન આંકવું જોઇએ શિક્ષણમાં પ્રવીણતા મેળવ્યા સિવાય પોતાની કે સમાજની આર્થિક ઉન્નતિ શક્ય નથી. જ્ઞાતિના યુવાનો જેઓ ગર્વન્મેટ કે મોટા ઉદ્યોગોમાં ઉચ્ચ હોદ્દાઓ સંભાળે છે, તેમણે પોતાના સમાજના યુવાનોને એ સંસ્થામાં સમાવવાનો પ્રયાસ કરી મદદરૂપ થવું જોઇએ. કોલેજો અને હોસ્પિટલોની જરૂરત ધાર્મિક સ્થળો અને વાડીઓ કરતાં આ જમાનામાં વિશેષ હોઇ જ્ઞાતિના વડીલોને આવી યોજનાઓ સાકાર કરવા અનુરોધ કરૂં છું. વડીલોની આવી યોજનામાં યુવાનવર્ગનો ટેકો અવશ્ય મળશે અને પરિણામે યુવાનો-વડીલો વચ્ચેનું અંતર દૂર કરી શકાશે. શિક્ષણ ઉપરાંત રમતગમત, સંગીત, સાંસ્કૃતિક અને સાહિત્ય જેવી પ્રવૃત્તિઓમાં અભિરુચિ કેળવી આગવું સ્થાન મેળવવું જોઇએ. ભાષાની જે ઉણપ છે, તે દૂર કરી ગુજરાતી ભાષા પર પ્રભુત્ત્વ મેળવવા પણ પ્રયત્ન કરવો જોઇએ.'

જ્ઞાતિના કોઇ કાર્ય ભંડોળની ઉણપથી અટક્યા નથી. ખરી જરૂર છે એ યોજનાના અમલની વ્યવસ્થાની. જ્ઞાતિના યુવાન વર્ગને આ જવાબદારી ઉપાડી લેવા હું અપીલ કરું છું.

જ્ઞાતિના યુવાનોએ જ્ઞાતિ પ્રવૃત્તિનું ઓછું મહત્ત્વ આંકવાના બદલે જ્ઞાતિ પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપી સહકારની ભાવના સાથે જ્ઞાતિ અભ્યુદયના આ મહાયજ્ઞમાં જોડાઇ જવું જોઇએ. જ્ઞાતિ પ્રત્યેની ફરજ અદા કરવામાં પાછી પાની ન કરવી જોઇએ.'

યુવા સમિતિની આ બેઠકના અતિથિ વિશેષ શ્રી મહેન્દ્ર ગોવિંદજી લાલકાએ કહ્યું : 'જો પ્રશ્ન શું છે, તે આપણે સમજવા કોશિષ કરવી જોઇએ. માણસે સૌ પ્રથમ પોતાના પગ ઉપર ઊભા રહેવા પ્રયત્ન કરવો જોઇએ. આ કાર્યમાં જરૂર જણાય તો સમાજમાં ઉપલબ્ધ વ્યવસ્થાની મદદ લેવી જોઇએ અને શિક્ષણ પૂરું કર્યા બાદ પગભર થવાની સાથે સમાજની જરૂરિયાતવાળી વ્યક્તિને પગભર કરવા સહાયભૂત થવું જોઇએ.

શિક્ષણ ક્ષેત્રે આપણી પ્રગતિ અપૂરતી છે. સરકારી ખાતાંઓ અને મોટા ઉદ્યાગોમાં ટોપ લેવલ પર આપણી જ્ઞાતિની કેટલી વ્યક્તિઓ છે ? અરે, ટોપ લેવલના બદલે બીજાથી પાંચમાં સ્થાન પર પણ ભાગ્યે જ કોઇ મળશે. આવી પરિસ્થિતિ શા માટે ? આપણને પોતાને જ આપણી પ્રગતિ કરવાની ઇચ્છા નથી તો બીજા પાસે તેની આશા રાખવી નકામી છે. હું વિદ્યાર્થી વર્ગને શિક્ષણ ક્ષેત્રે પ્રવીણતા મેળવવા અપીલ કરું છું.

એમ્પ્લોયમેન્ટ એક્સચેંજ જેવી સુવિધા માટે ખૂબ ખૂબ માગણી થઇ છે. તે બાબતમાં નોકરી અપાવવા અંગે મારો પોતાનો જાત અનુભવ રજૂ કરું છું. આપણે આપણા કુટુંબીજનોને, આપણા મિત્રોને અને આપણી જન્મભૂમિને છોડીને ભલે સારી તક મળતી હોય તો પણ લેવા તૈયાર નથી. આ પરિસ્થિતિ દૂર થવી જોઇએ. પચાસ જેટલા ભાઇઓને નોકરી અપાવવા મેં બધી જ તૈયારીઓ કરી મદદ કરેલી, પણ નક્કી થયેલ દિવસે જ્ઞાતિભાઇઓ નોકરીના સ્થળે હાજર થયા જ નહિ. પરિણામે નોકરી અપાવવાના પ્રયત્નોને મેં તિલાંજલિ આપી. આગળ વધવું હોય તો આવી વૃત્તિ યોગ્ય નથી. પ્રગતિ થતી હોય તો ગમે ત્યાં નોકરી-ધંધે જવા આનાકાની ન કરવાની વૃત્તિ કેળવવા હું અનુરોધ કરું છું.

જ્ઞાતિના વડીલોનું બે બાબતો પ્રત્યે ધ્યાન ખેંચી કશુંક કરવા ભલામણ કરું છું.

(૧) એક-એવી સુવિધાવાળી હોસ્પિટલમાં જ્ઞાતિનો કોઇ પણ ભાઇ સારવાર (ખાસ પ્રકારની) માટે આવવા માગતો હોય, તો તેને પ્રોયોરીટીના ધોરણે હોસ્પિટલમાં સારવાર માટે પ્રવેશ મળે.

(૨) બીજી-એક એવી સુવિધા કરવી જોઇએ કે એન્જીનિયરિંગ કે મેડીકલ ક્ષેત્રે લાયક વિદ્યાર્થીઓને પ્રવેશ મળે. આ બે સુવિધાઓ જ્ઞાતિના વડીલો-અગ્રણીઓ કરી શકશે તો તેમણે જ્ઞાતિની મોટી સેવા કરી છે એવું જ્ઞાતિને પણ જણાશે. યુવાનોને પ્રગતિ માટે ગતિશીલ રહેવા હું અનુરોધ કરું છું.'

# શ્રી જશાપર નગરે ત્રિહાન્કિા મહોત્સવ ઉજવાયો

શ્રી જશાપર નગરે શ્રી આદિનાથ દાદાના જિનાલયમાં બિરાજમાન દેવ-દેવીઓની પુનઃ પ્રતિષ્ઠા તપચક્રવર્તી અચલગચ્છાધિપતી **પ.પૂ. આ. ભ. શ્રીમદ ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**ની શુભ પ્રેરણા અને આશિર્વાદથી તથા સાહિત્ય દિવાકર **આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** અને સરળ સ્વભાવી **આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા **પ.પૂ. કંચનસાગરજી મ.સા.** ની પાવન નિશ્રામાં જિનેન્દ્ર ભક્તિમય મહા મહોત્સવ ઉજવાયો.

## પ્રથમ દિવસ

કુંભ સ્થાપના : **માતુશ્રી પ્રેમાબાઇ કુંવરજી મોતા પરિવાર**

દિપક સ્થાપના : **માતુશ્રી ઝમકુબાઈ ભવાનજી ધરમશી તથા શ્રી મણીલાલ ભવાનજી ધરમશી પરિવાર**

જ્વારા રોપણ : **ગામની નાની કુમારીકા બહેનોએ કરેલ**

### પાટલા પૂજનના લાભાર્થી પરિવાર

નવગ્રહ પૂજન : **અ.સૌ. આરતીબેન રાજેશ મૈશેરી (માંડવી)**

નંદાવૃત પૂજન : **માતુશ્રી મંજૂલાબેન હંસરાજ ધરમશી પરિવાર**

અષ્ટમંગલ પૂજન : **માતુશ્રી મૂરબાઈ ટોકરશી ધરમશી પરિવાર**

## બીજો દિવસ

**સવારના અઢાર અભિષેક ત્યારબાદ પાર્શ્વ પદમાવતી મહાપૂજનના લાભાર્થી પરિવાર**

**માતુશ્રી મૂરબાઈ ટોકરશી ધરમશી પરિવાર**

સૂર્ય દર્શન : **અ.સૌ. કલ્પના ધનજી મોતા**

ચંદ્રદર્શન : **માતુશ્રી ઝમકુબાઈ ભવાનજી ધરમશી**

## ત્રીજો દિવસ

**દેવ-દેવીઓની પ્રતિષ્ઠાના લાભાર્થી પરિવાર**

| | | |
|---|---|---|
| મહાકાળી માના | : **માતુશ્રી પ્રેમાબાઈ કુંવરજી મોતા પરિવાર** | - રૂા. ૪૧,૧૪૧/- |
| પદમાવતી માના | : **શ્રી હીરાચંદ મેગજી મોતા પરિવાર** (વડસરવાળા) | - રૂા. ૫૨,૧૫૨/- |
| ચકેશ્વરી માના | : **માતુશ્રી ઝમકુબાઇ ભવાનજી ધરમશી પરિવાર** | |
| | **શ્રી મણીલાલ ભવાનજી ધરમશી** | - રૂા. ૮૧,૦૦૦/- |
| ગૌમુખ યક્ષ | : **અ.સૌ. મનીષાબેન વિનોદ દંડ -** (લાલા) અમદાવાદ | - રૂા. ૫૪,૦૦૦/- |
| અરછુત્તા દેવી | : **માતુશ્રી મૂરબાઈ ટોકરશી ધરમશી પરિવાર** | - રૂા. ૨૧,૧૨૧/- |
| દાદા કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. | : **માતુશ્રી મૂરબાઈ ટોકરશી ધરમશી પરિવાર** | - રૂા. ૨૧,૧૨૧/- |
| કંકૂના થાપાનો લાભ | : **શ્રી હીરાચંદ લાલજી દંડ પરિવાર** (લાલા-અમદાવાદ) | - રૂા. ૩૦૧૫૨/- |

મહોત્સવ દરમિયાન મૂળનાયક શ્રી આદેશ્વર દાદાને **અ.સૌ. કલ્પનાબેન ધનજી દામજી મોતા** તરફથી હેમની કપરાટી અર્પણ કરવામાં આવેલ. ક.દ.ઓ. જશાપર મહાજન વતી તેમની ખૂબ ખૂબ અનુમોદના, જેની પ્રેરણાથી બીજા ભગવાન માટેની કપરાટીના નામ આવેલ છે.

શ્રી શાંતીનાથાય દાદા : **માતુશ્રી લક્ષ્મીબેન વેલજી ધરમશી** (હસ્તે જય ધરમશી)
શ્રી ચંદ્રપ્રભુ દાદા : **અ.સૌ. ઉષાબેન મોતીચંદ ધરમશી**
શ્રી અજીતનાથ દાદા ચૌમુખી : **માતુશ્રી ચંદનબેન મણીલાલ છેડા**
શ્રી અજીતનાથ દાદા ચૌમુખી : **એક સદગ્રહસ્થ**

ચૌમુખીના બે ભગવાનની બાકી છે. ઈચ્છા ધરાવનારે કોન્ટેક કરવો.

**સર્વે દાતા પરિવારોનો ક.દ.ઓ. જૈન જશાપર મહાજન વતી અનુમોદના સહ આભાર**

## અમે આભારી છીએ

વિધીકાર : **જીગ્નેશ સંગવી** (માધાપર)
સંગીતકાર : **મીકેશ દેઢીયા** (ગઢશીશા)
રંગમંડપ અને લાઈટીંગ : **કીરણ મોતા** (નલીયા)
ભાવતા ભોજનીયા પીરસનાર : **અરવીંદ મારાજ** (માંડવી)
દેરાસરનો રંગ રોગાણ કરનાર : **કરણ સોલંકી**

દેવ-દેવીઓની ડેટીઓનું કામકરનાર : **સોમપૂરા પ્રેમારામ મિસ્ત્રી, શ્રી ધનજી દામજી મોતા મહેતાજીનું કામ સંભાળેલ તથા સ્થાનિકે શ્રી શરદભાઈ શીવજી ધરમશી**એ સારી સેવા બજાવેલ. અંતમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ સમગ્ર આયોજનમાં પ્રાણ પૂરનાર સૌ કોઈનો ખૂબ ખૂબ આભાર.

### મહોત્સવ દરમિયાન સહાયક દાતાઓના નામો

| | | |
|---|---|---|
| ૧) | **માતુશ્રી ચંપાબેન લખમશી ધરમશી** | રૂા. ૧૧,૦૦૦/- |
| ૨) | **માતુશ્રી દમયંતીબેન ખીમચંદ ધરમશી** | રૂા. ૧૧,૧૧૧/- |
| ૩) | **માતુશ્રી લક્ષ્મીબેન વેલજી ધરમશી** (હસ્તે સંઘમાતા કલ્પનાબેન શામજી દંડ) | રૂા. ૧૧,૦૦૦/- |
| ૪) | **શ્રીમતી રીટાબેન જેઠાલાલ ગડા** | રૂા. ૧૧,૦૦૦/- |
| ૫) | **વિશનજી રવજી ચેરીટેબલ ટ્રસ્ટ** (હસ્તે કુલીનભાઈ વીસનજી, ડુમરા) | રૂા. ૧૧,૦૦૦/- |
| ૬) | **માતુશ્રી દમયંતીબેન માણેકજી છેડા** | રૂા. ૧૧,૦૦૦/- |
| ૭) | **શેઠશ્રી મણીલાલ ભવાનજી ધરમશી** | રૂા. ૧૫,૦૦૦/- |
| ૮) | **ગં.સ્વ. વર્ષાબેન જીતેન્દ્ર ધરમશી** (વાશી) | રૂા. ૫૦૦૦/- |
| ૯) | **શિરીષ મેગજી ધરમશી**, કોચીન | રૂા. ૫૦૦૦/- |
| ૧૦) | **માતુશ્રી ચંદનબેન મણીલાલ છેડા** | રૂા. ૫૦૦૦/- |
| ૧૧) | **અ.સૌ. જયવંતી ગુલાબ છેડા** (હસ્તે મીકેશ) | રૂા. ૫૦૦૦/- |
| ૧૨) | **અ.સૌ. લક્ષ્મીબેન શાંતીલાલ ડાઘા** | રૂા. ૧૦૦૦/- |
| ૧૩) | **અ.સૌ. કાંતાબેન નારાણજી ધુલ્લા** | રૂા. ૧૦૦૦/- |
| ૧૪) | **અ.સૌ. આરતીબેન રાજેશ મૈશેરી** (માંડવી) | રૂા. ૧૦૦૦/- |
| ૧૫) | **માતુશ્રી કસ્તુરબાઈ ખેતશી પટેલ** (ગાંધીધામ) | રૂા. ૨૦૦૦/- |
| ૧૬) | પદમાવતી મહાપૂજનના લાભાર્થી **માતુશ્રી મૂરબાઈ ટોકરશી ધરમશી પરિવાર** | રૂા. ૨૫૦૦૦/- |
| ૧૭) | **અ.સૌ. પિંકીબેન કમલેશ ધરમશી** (ભાંડુપ) | રૂા. ૫૧,૦૦૦/- |
| ૧૮) | **અ.સૌ. ઉષાબેન મોતીચંદ ધરમશી** | રૂા. ૫૧,૦૦૦/- |
| ૧૯) | **માતુશ્રી પ્રેમાબાઈ કુંવરજી મોતા** | રૂા. ૨૧,૦૦૦/- |



આ મહોત્સવના આયોજનમાં શ્રી ક.દ.ઓ. જૈન જશાપર વાસીઓ તથા મહાજનની ટીમ વતી અને ટ્રસ્ટી ગણ તરફથી કાઈપણ ભૂલ ચૂક, ક્ષતી રહી હોય તો ત્રીવીધે ત્રીવીધે ક્ષમા પ્રાર્થીએ છીએ.



**એજ લી. ક.દ.ઓ. જૈન જસાપર મહાજનના ટ્રસ્ટીગણ વતી જય જિનેન્દ્ર**

શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ

।। શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ।।

# શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ - ૩૭૦ ૪૦૫.

ફોન નં. ૦૯૯૬૯૧ ૮૪૩૭૭

## ૨૩મા વરસે ભાવભર્યું આમંત્રણ

૨૦૭૪ આસો સુદ ૬, **રવિવાર તા. ૧૪-૧૦-૨૦૧૮** નવરાત્રિ અચલગચ્છના **દેવી શ્રી મહાકાલી માતાજી મહાપૂજન ભક્તિસંગીત ઉત્સવ**, ઘાટકોપર **શ્રીમતી ઝવેરબેન સભાગૃહ** અને **શેઠશ્રી રાષ્ટ્રીય શાળા** સ્થાને સવાર ૮ થી ૨ રાખેલ છે. પૂજન - પહેડી - આરતી-દર્શન - પ્રસાદ માટે સૌ ભાવિકોને આત્મીય આમંત્રણ.

## ૨૩મા વરસના લાભાર્થી પરિવાર

**માતુશ્રી મીઠીબાઇ મણીલાલ ટોકરશી ખોના** (સુથરી) તથા

**માતુશ્રી ધનબાઇ લાલજી પદમશી ધરમશી** (સુથરી)

હસ્તે : **અ.સૌ. હેમલતા અશ્વિન મણીલાલ ખોના** (સુથરી - ઘાટકોપર)

ભક્તિ સંગીત માટે **શ્રી કિશોર મનરાજા, શ્રી હંસકુમાર મૈશરી, શ્રી મુકેશ મૈશેરી અન્ય કલાકારો**

**આપ સૌ માના પૂજન પ્રસાદ વધામણે પધારવા આમંત્રણ**

૨૩ વરસના દાતા પરિવાર **યતિ મોતીસાગરજી શ્રીજી મહારાજ મંદિર ટ્રસ્ટ - જય જય શ્રી મહાકાલી મા**

---

**શ્રી મહાકાલી દેવી મહાપૂજન ગુરૂવંદના ૨૦૭૫ વસંત પંચમી રવિવાર તા. ૧૦-૨-૨૦૧૯**

## અગ્રીમ આમંત્રણ

અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજી મહાપૂજન પહેડી ૨૩ વરસ પૂર્ણ કરી ૨૪મું વરસ ભક્તિ ઉત્સવ યતિશ્રી ૭૫માં અમૃત જન્મદિન સાથે ઉજવવા ભાંડુપ શ્રી મેવાડ કેશરી ભવન, સં. ૨૦૭૫ મહાસુદ રવિવાર વસંત પંચમી ૧૦-૨-૨૦૧૯ સવારના ૮ થી ૩ રાખેલ છે. આપ બહારગામથી હમેશ પધારતા ગુરૂભક્તો, માના ભાવિકો ગચ્છની આપણા દેવીની ભક્તિમાં પધારી આન-બાન-શાન પ્રસંગને ભવ્યતા આપવા સૌની અનુમોદના. આ અગ્રીમ આમંત્રણ રૂબરૂ જાણી પધારશોજી.

**સવારે ૮ થી ૧૧ મહાપૂજન, ૧૧ થી ૧૧.૩૦ ગુરૂતત્વ સંગીત માનવંદના**
**૧૧.૩૦ પહેડી આરતી, ૧૧.૩૦ થી ૨ પ્રસાદ, સાધર્મિક ભક્તિ, દર્શન વંદન.**

**ભક્તિ સંગીત શ્રી કિશોર મનરાજા, શ્રી હંસકુમાર, શ્રી મુકેશ મૈશેરી અન્ય પ્રખ્યાત કલાકારો સથવારે ઉજવાશે.**

**૨૪માં ભક્તિ ઉત્સવના લાભાર્થી દાતા થવા રૂપિયા એક લાખ ચોવીસ હજાર** થી આપ સહભાગી, દિલેર દાતા થઇ શકશો. આપના સુકૃત નામની જાણ **શ્રી મુકેશ મૈશેરી, શ્રી હંસકુમાર મૈશેરી, યતિશ્રી અનંતનાથજી મુંબઇ** સ્થાને જણાવશો. આપ દાતાઓ પૂજન-પહેડી-આરતી-પ્રસાદમાં વિશેષ લાભ અપાશે. આવેલ નામોના ભાવિકોની અનુમોદના આપ મહાપૂજન દેવી-ગુરૂના ઉત્સવમાં સહભાગી દાતા **૧,૨૪,૦૦૦/-**થી ભાવના જણાવશો. શુભેચ્છા આશિર્વાદ

**શ્રી પૂજ ટ્રસ્ટ-મંદિર ટ્રસ્ટીઓના જય જય મહાકાલી મા • યતિશ્રી મોતી સાગરજીશ્રીજી મહારાજ**

## ધર્મ સંદેશ - ૧૨૩





રચયિતા : **જયકાંત મોતા**

ઘાટકોપર (તેરા)

૯૮૧૯૬ ૨૮૩૮૨

**આડી ચાવીઓ -**

[૧] અમદાવાદના હઠીસિંહ જિનાલયના મુળનાયક (૪); [૩] આ મુનીએ કોશા ગણિકાને ત્યાં ચાતુર્માસ કરેલ (૪); [૭] પર્યુષણમાં રોજ પ્રભુની ....... આંગી થાય (૨); [૮] ભક્તજનો જિનાલયના ........ માં પૈસા અચુક નાખે (૩); [૯] વારાણસીના આ તીર્થમાં પાર્શ્વનાથના ચાર કલ્યાણક થયા છે (૪); [૧૨] પાલીતાણામાં આવેલ ....... વાળું જીનાલય (૨); [૧૩] મુની સુવ્રત સ્વામીના યક્ષીણી (૪); [૧૫] અરનાથનું લાંછન (૪); [૧૮] તપગચ્છના સાધુ-સાધ્વીઓના.... લાલ હોય (૩); [૨૦] સંભવનાથનું રથનું દેરાસર આ શહેરમાં છે (૨); [૨૧] પર્યુષણમાં અઠ્ઠાઈ કરનાર તપસ્વીઓને ...... આપવામાં આવે (૨); [૨૩] કોઈ ચીજ તફડાવવાની ... વૃત્તિ પાપ ગણાય (૨); [૨૭] આ ફૂલ ભગવાનને ચડાવાય (૩); [૨૯] .... ને રહેવાની વાત ધર્મ કહે છે (૨); [૩૦] વિશવિહરમાનમાંના ૧૪માં તીર્થંકરની માતાનું નામ (૫); [૩૨] એક કષાય (૨); [૩૩] કચ્છના આ ગામમાં શાંતિનાથનું સુંદર જિનાલય છે (૩).

**(ઉકેલ અન્યત્ર)**

[૨૫] સુરતના આ વિસ્તારમાં ઘણા બધા જૈન મંદિરો આવેલ છે (૪); [૨૬] મલ્લીનાથનું તીર્થ (૩); [૨૮] દેરાસરમાં વગાડવામાં આવતા ઘંટને કહેવાય (૩); [૩૧] ધર્મગુરૂઓ સાથે સતસંગનો .... છોડાય નહીં (૨)

**ઊભી ચાવીઓ -**

[૧] એક તપનું નામ (૪); [૨] એક દેવ (૬); [૪] ૧૦૮માંના એક પાર્શ્વનાથ (૫); [૫] એક તપ (૨); [૬] આબુ પાસે આવેલ ભીડભંજન પાર્શ્વનાથનું તીર્થ (૪); [૭] .... હોય કે નારી, સૌ પ્રભુની સેવા કરે ન્યારી (૨); [૧૦] જૈનોમાં આ યાત્રાનું ઘણું જ મહત્વ છે (૨); [૧૧] આનો દુરૂપયોગ એટલે પાપોને આમંત્રણ (૨); [૧૪] ધર્મનાથનું જન્મ સ્થળ (૪); [૧૬] .... આદેશ્વરજી દૂરથી આવ્યો (૨); [૧૭] કચ્છની મોટી પંચતીથીનું ગામ (૨); [૧૯] પાલીતાણાની પંચતીથીનું ગામ (૩); [૨૨] તેરા ના મુળનાયક (૪); [૨૩] રાજલોક કેટલા (૨);

# મસાણિયાં લગન

'તુળજા કાકા, પગે લાગું છું. ચા-પાણી પીવાઈ ગ્યાં કે બાકી? બાકી ધનુભાઈના લગન ધામધૂમથી ઊજવ્યાં. અમને પણ જાનમાં આવવાનો મોકો મળ્યો' સવારે આઠેક વાગે સામી ડેલીએ રહેતા એંશી વર્ષના તુળજાશંકરને ઘેર જસ્ત આંટો દેવાને બહાને, પરંતુ હકીકતમાં શાંત પાણીમાં પાણોં નાખી વમળ જોવાની હોંશ સાથે વિઘ્નસંતોષી, સૂર્યવદન પ્રવેશ્યો. હીંચકા પર તકિયાને અઢેલી બેઠેલા તુળજાકાકાએ 'જીવતો રે' કહી આશીર્વાદ આપવા જેવું કર્યું અને પૂછ્યું, 'કાં આજ અટાણમાં? કોઈ કામ હતું?' સૂર્યવદન બોલ્યો, 'ના, કામબામ તો નથી. અમથો ખબર પૂછવા જ આવ્યો. લગનના મહેમાનો સીધાવ્યા? વરઘોડિયાંને કુળદેવીને પગે લગાડી આવ્યાં? બાકી ધનુભાઈના લગન સારા ઊકલી ગ્યાં. કે'વું પડે.'

તુળજાકાકાએ રાજી થઈ કહ્યું, 'હા, વેવાઈએ જાનની આગતાસ્વાગતા સારી કરી. મોટેરાંની આમન્યા બરાબર જાળવી. બાકી આપણેય એકે જાતની આડોડાઈ નથી કરી. ત્રણેય જમણ હાઈક્લાસ હતાં' સૂર્યવદને તક ઝડપી કહ્યું, 'કાકા, હું જમણવારની વાત જ કરું છું. આમ તો બધું બરાબર ચાલતું'તું. સાઠોધરા નાગર રસોઈયા પણ સારું રાંધતા'તા. પણ ત્રીજા જમણવારને દિવસે વેવાઈ બરાબરના સલવાણા'તા.' કાકાએ પૂછ્યું, 'શેમાં સલવાણા'તા? મને તો એવું કાંઈ લાગ્યું નહિ.' આ પ્રશ્નની અપેક્ષા રાખતો સૂર્યવદન હીંચકા પર કાકાની લગોલગ બેઠો. ખાનગી બાતમી આપતો હોય તેવા ચેહરે અને ધીમા અવાજમાં બોલ્યો, 'વિચિત્ર વાત થઈ. તમે કદાચ માનશો નહિ, પણ તમારા સમ, હું ખોટું નહિ બોલું. નિષ્ણાત રસોઈયાઓ ધ્યાનથી બધું બનાવતા હતા. લાકડાંના ચૂલા સળગાવી મિષ્ટાન્ન રંધાતાં હતાં પણ થ્યું એવું કે છેલ્લે દિ' લાકડાં ખૂટી પડ્યાં. રવિવારની રજા એટલે ગામની દુકાનુ બધી બંધ. હવે ઈંધણ ક્યાંથી કાઢવું? વેવાઈ તો રોવા જેવા થઈ ગયા. પણ અનુભવી શાંતુ રસોઈયાએ સૂચકો કર્યો. કોઈને ખબર ન પડે એમ હાથગાડીયું ભરીને સ્મશાનમાંથી લાકડાં ખરીદ્યા ને રસોઈ પૂરી કરી. લ્યો, આવું કરાય?' કો'ક વાર મુશ્કેલી ઊભી થાય એની ના નહિ પણ આ ખોટું કે'વાય. મને યાદ છે. ત્રણ વરસ પે'લા દુલાકાકાની દીકરીના લગન વખતે સાઠ જણ આવશે એવું જણાવી વેવાઈ સો માણસુની જાન લઈ આવ્યા. તાણી તાણીને રાંધેલી રસોઈ એંશી સુધી પોં'ચાડી શકાય. પછી તો દુલાકાકાએ દોથા ભરીને મરચાંને ભૂક્કો ભભરાવી રસોઈ એટલી તીખી કરાવી નાખી કે ખૂટવાને બદલે રસોઈ વધી પડી. છોકરાવાળાએ થોડી હો-હા તો કરી પણ આ વેવાઈએ તો રીતસરના અપશુકન કરાવ્યાં. આમ તો આ વાત છાની રાખી છે પણ મને ક્યાંકથી ખબર પડી ગઈ. પણ જોજો કાકા, મારું નામ ન આવે હો. ધરમ-ધ્યાન કરનાર, સૂતક-આભડછેટમાં માનનાર તમારા જેવા સાત્વિક કુટુંબ સાથે આવી રમત? તમારે વેવાઈને સીધા દોર કરી નાખવા જોઈએ.'

આ બધું સાંભળ્યા પછી તુળજાકાકા રાડોરાડ કરશે, ઘર માથે લેશે, વેવાઈ સાથે ઝઘડો કરશે, નવી વહુને પિયેર કાઢી મૂકશે, શુદ્ધીકરણના રસ્તા શોધશે.... વગેરે દિવાસ્વપ્નો જોતાં સૂર્યવદનને ઠંડકથી તુળજાકાકાએ કહ્યું, 'એલા એ, તારો તુળજોકાકા બધી વાત જાણે છે. વેવાઈએ બધી વાત કરી, પાઘડી ઉતારી માફી માગવા જતા હતા કે મેં જ તેમને રોક્યા ને કહ્યું, ''અગ્નિદેવતામાં સારું ખોટું બધુંય બળી જાય નકર શુદ્ધ થઈ જાય. મડું સામું મળે ઈ પણ શુકનમાં લેખાય અને હા, મુંબઈમાં ફ્લેટ ખરીદીને રે'તા તારા સાઢુભાઈ કે'તા 'તા કે સામેના સ્મશાનમાં મળું બળતું હોય તંઈ ધુમાડો એના ઘરમાં આવે છે. હાલતો થા!''

**- ડૉ. પ્રજ્ઞા પૈ**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનું ચતુર્થ સંમેલન નલિયા મુકામે ૨૩,૨૪,૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલિયાના યજમાન પદે આયોજીત થઇ રહ્યું છે તેની પૂર્વ તૈયારી રૂપે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ અધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને અન્ય મુખ્ય સંસ્થાઓના પદાધિકારીઓ કે ટ્રસ્ટીશ્રીઓ અને સમસ્ત મુંબઇના જ્ઞાતિજનો તથા સમસ્ત મહાજનના અધિકારીઓ એવમ ટ્રસ્ટીઓ સાથે ચર્ચા વિચારણા કરવા મુંબઇ મહાજનશ્રી દ્વારા એક સભા આયોજીત કરવામાં આવેલ છે.

સ્થળ : શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંત સિધ્ધિ, ૧૦૭, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ. તા. ૭-૭-૧૮ સાંજે ૭ કલાકે.

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ વડોદરા

૧૯-૬-૨૦૧૮ના રોજ શ્રી ક.દ.ઓ. જૈન સમાજના કારોબારી સભ્યોની મીટીંગ વડોદરા મુકામે મળી જેમાં ૨૪-૬-૨૦૧૮ના એક વિશેષ સભાનું આયોજન કરવાનું નક્કી થયું.

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનની નવી ટીમને ઉમળકાભેર વધાવવામાં આવી તેમાં વડોદરાના પનોતા પુત્ર શ્રી નિશીથ આણંદીલાલ દંડની સેક્રેટરી જનરલની નિમણુક સમગ્ર વડોદરા સમાજ માટે ગૌરવ પ્રદાન કરે છે. ગત વર્ષે વિઝન કેડીઓ સમીટ દ્વારા શ્રી નિશીથ ભાઈએ સમગ્ર દેશમાં પોતાની આગવી છાપ ઉભી કરેલ અને આજે સમગ્ર દેશમાં વડોદરાના નામ ને ઉજાગર કરેલ છે.

### ઘેર બેઠા પરીક્ષા

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસીતપ પ્રસંગે સા. જયદર્શિતાશ્રી લેખિત સંપાદિત ''પ્રભુ મિલનનો પંથ'' તથા ''પૂર્ણતાનો પંથ'' ની ઘરે બેઠા પરીક્ષા (Open Book Exam)ના આયોજનમાં સાધિક ૩૦૦ જણાએ ભાગ લીધેલ. જેનું પરિણામ જાહેર થઇ ગયેલ છે. બન્ને પરીક્ષાઓના પ્રથમ પાંચ વિજેતાઓનું સન્માન ૧૭ જુલાઇ ૨૦૧૮ના બપોરના દેવલાલી મુકામે રાખવામાં આવેલ છે. તથા અન્ય પરીક્ષાર્થીઓને પ્રોત્સાહન ઇનામ ૧૫ ઑગસ્ટ સુધી દેવલાલીથી મેળવી લેવું. ''પ્રભુ મિલનનો પંથ'' વિજેતાઓના બહુમાનના લાભાર્થી : માતુશ્રી મંજુલાબાઇ દામજી મૈશેરી (નાની સિંધોડી) ઘાટકોપર. ''પૂર્ણતાનો પંથ'' વિજેતાઓના બહુમાનના લાભાર્થી : ઇન્દુબાઈ વિરચંદ પટેલ (નલીયા) હુબલી.

### કચ્છ-બાયેઠ - પોલડીયા પરિવાર

આપણા કુળદેવી શ્રી આશાપુરા માંના મંદિરે ૨૩-૧૧-૨૦૧૮ શુભદિવસે કુળદેવી માતાના મંદિરના શિખરે ધ્વજા ચઢાવવામાં આવશે. આ શુભ અવસરે આપ સૌ સહપરિવાર પધારશોજી. આ શુભ પ્રસંગે સાથે શ્રી મોમાઇ માના મંદિરના શિખરે ઉપરોક્ત વિધિથી ધ્વજા ચઢાવવામાં આવશે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## હાર્દિક અભિનંદન

### લોડાયા અને નાગડા પરિવારનું ગૌરવ



**સનત ગિરીશ લોડાયા**

(સાંયરા, હિંગોલી)

S.S.C. (Maha. Board)માં **92.4%** મેળવી પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ અનેરી સિધ્ધી બદલ અભિનંદન તથા ઉજ્જ્વલ ભવિષ્ય માટે **હાર્દિક શુભેચ્છાઓ અને શુભાશિષ.**

-: શુભેચ્છક :-

દાદી-દાદા : ગં.સ્વ. લીલાવંતી રાયચંદ લોડાયા
નાની-નાના : સ્વ.અ.સૌ. ગીતા વિનોદ નાગડા (તેરા-નિજામાબાદ)
માતા-પિતા : સૌ. તારીકા ગિરિશ લોડાયા
કાકી-કાકા : કેતના જયેશ લોડાયા
મામી-મામા : સૌ. વર્ષા પારસ નાગડા
માસી-માસા : સૌ. સારીકા પરેશ ડાઘા (વરાડિયા-અમદાવાદ)

ચિ. રાશી,દ્દષ્ટી, દિસી, પૂજા, ભક્તિ, ધારા અને સમસ્ત લોડાયા અને નાગડા પરિવાર

''बुलंदियों को छूने का जज्बां है तुम्हारा, जज्बां हो हकीकत यह आशीर्वाद हमारा''

### જ્ઞાતિના યુવા સી.એ.ની સિદ્ધિ

મુલુંડ પૂર્વના યુવા સી.એ. શ્રી કરણ દીપક લોડાયા (સાંયરા) કલ્યાણ સીપીઈ સ્ટડી સર્કલના ઉપક્રમે આવક વેરા અને જી.એસ.ટી.ને લગતા મુદાઓ અંગે બીરલા કોલેજ કલ્યાણ મધે સ્પીકરના રૂપે અભ્યાસપૂર્ણ સંબોધન કર્યું. સી.એ. શ્રી કરણ દીપક લોડાયાનું બહુમાન કરવામાં આવ્યું.

### શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થ - ખંડવા

ખરતગચ્છના પૂ. સા. શ્રી જિનશિશુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા ૫ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ ૪ દિવસ સ્થિરતા કરેલ. આ ૪ દિવસમાં પ્રવચન આપવામાં આવેલ. ચાતુર્માસ માટે ભોપાલ વિહાર કરેલ.

### 'જ્ઞાતિમૈયા'નું સ્વાગત છે...

આપણી જ્ઞાતિની કેન્દ્રવર્તી સંસ્થા સમસ્ત મહાજને ડીજીટલ માધ્યમ દ્વારા સાપ્તાહિક મુખપત્ર 'જ્ઞાતિમૈયા'નો પ્રથમ અંક ૧૬ જુનના પ્રકાશિત (અપલોડ) કર્યો છે. તેનું અમે સસ્નેહ સ્વાગત કરીએ છીએ.

**- પ્રકાશ સમીક્ષા સમિતિ**

## ચતુર્થ સમ્મેલન સંદર્ભે વિવિધ સ્થળે સેમિનારોનું આયોજન

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનના તા.૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બરના નલિયા મુકામે યોજાનારા ચતુર્થ સમ્મેલનની પૂર્વ તૈયારી રૂપે જ્ઞાતિજનોમાં જાગૃતિ ફેલાવવા વિવિધ સ્થળોએ સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે જેની વિગત નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| **વડોદરા** | **૨૪-૬-૧૮** | સમય : સાંજના ૪ થી ૬ |
| **નાસિક** | **૯-૭-૧૮** | સમય : સવારના ૧૧ થી ૧ |
| **પૂના** | **૯-૭-૧૮** | સમય : સાંજના ૭ થી ૯ |
| **ઔરંગાબાદ** | **૧૦-૭-૧૮** | સમય : સવારના ૧૧ થી ૧ |
| **નાંદેડ** | **૧૦-૭-૧૮** | સમય : સાંજના ૪ થી ૬ |

### હૈદરાબાદ-કચ્છ વચ્ચે સીધી રેલસેવા આપવા રજૂઆત

શ્રી કચ્છી મિત્ર મંડળના સભ્ય રિધ્ધીશ જાગીરદારે ભુજથી હૈદરાબાદ સીધી ટ્રેન સેવા શુરૂ કરવા રેલ્વે મંત્રીશ્રી પિયુષ ગોયેલને હૈદરાબાદ ખાતે આવેદન આપ્યું હતું.



### રક્તદાતા સતીષ હંસરાજ નાગડાનું સન્માન

વિશ્વ રક્તદાતા દિવસ પ્રસંગે ૧૪-૬-૨૦૧૮ના તિરૂપુર ગવરમેન્ટ હૉસ્પિટલ દ્વારા શ્રી સતીષભાઇનું સૌથી વધુ વાર રક્તદાન કરવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું.



### કુણાલ તિલકભાઈ ડાઘાની સમીક્ષક તરીકે પસંદગી



ગોલ્ડ મેડાલીસ્ટ અને ક.દ.ઓ. સમાજના કુણાલ તિલકભાઈ ડાઘા, માંડવી, વિરાયતન કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમના કામનું મુલ્યાંકન કરી અમેરિકાની જર્નલ એડવાન્સ ઇન સાયન્સ ટેકેનોલોજી એન્ડ એન્જિનિયરીંગ સિસ્ટમમાં મેકેનિકલ અને એનર્જી ફિલ્ડમાં સમીક્ષક તરીકે પસંદગી કરવામાં આવી છે.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

**નવા/બદલાયેલા સરનામા/ફોન** – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જયેશ મણીલાલ લોડાયા** (PS 814) | ૧૪૦૬, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો. : ૦૯૩૨૩૦ ૩૪૦૩૩ |
| **જીતેન્દ્ર કલ્યાણજી હેફા** (PS 7350) | બી૩-૬૦૩, લોક એવરેસ્ટ, જે.એસ.ડી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો. : ૦૯૭૦૨૭ ૩૭૮૭૮ |
| **ભરત મુલજી મોતા** (PS 2175) | બી/૬૦૧, આલોક સોસાયટી, સંત તુકારામ રોડ, ગણેશ ટોકીઝ પાસે, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૧. મો. : ૦૮૧૦૮૩ ૩૬૨૪૨ |
| **કુલીન જેઠાભાઈ ખોના** (PS 6402) | વિલા નં. ૨૫, વ્હિસ્પરિંગ વુડ્સ, સંસ્કૃતિ કોલોની પાસે, વડગાવ માવલ, પુણે - ૪૧૨ ૧૦૬. મો.: ચેતન ૦૯૮૨૨૬ ૦૨૦૬૬, દિવ્યા ૦૯૩૭૩૩ ૨૩૭૫૬ |
| **જયેશ ભવાનજી શાહ (લોડાયા)** (PS 3320) | ૩૦૪, ભરાડી આઈ હાઈટ્સ, ૩જે માળે, એકતા નગર, સંખેશ્વર નગર, દેસલેપાડા, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૦૯૮૨૧૭ ૭૫૫૭૫ |
| **સુરેશ મુરજી નાગડા** (PS 3530) | ૫૦૧, રાજાશ્રી કૉમ્પ્લેક્સ, એ વિંગ, આશા આંગન બિલ્ડીંગની સામે, સ્ટાર કોલોની, પી એન્ડ ટી સર્વિસ રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ)-૪૨૧ ૨૦૧. મો.: ૦૯૦૦૪૬ ૫૯૬૪૭ |
| **પ્રવીણ સોમચંદ લોડાયા** (PS 5307) | ૩-૧-૧૦૦, રોડ નં. ૪, શિવપુરી કોલોની, સરૂર નગર, એલ. બી. નગર, હૈદરાબાદ - ૫૦૦ ૦૭૪. મો. : ૦૯૯૬૬૨ ૮૫૦૧૬ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૬-૧૮ | નીમચ | મોક્ષ, ખુશ્બૂ મનન દિપક મોતા | સુથરી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૬-૧૮ | મુલુંડ | ચંદ્રેશ ભવાનજી વેલજી લોડાયા | આરીખાણા | ૩૫ |
| | મસ્જીદ બંદર | ડાયના વિજય કાનજી વિકમશી | સુથરી | ૩૩ |
| ૧૮-૦૬-૧૮ | વડોદરા | પ્રશાંત મહેન્દ્ર શામજી નાગડા | નલિયા | ૨૯ |
| | સિકંદરાબાદ | જિનભક્તિ વિજય જેઠાભાઈ ધરમશી | કોઠારા | ૨૫ |
| ૨૧-૦૬-૧૮ | મુલુંડ | બાદલ નરેશ શામજી ખોના | સાંયરા | ૨૯ |
| | અંજાર | પૂજા નવીનચંદ્ર વેલજી સોની | જખૌ | ૨૭ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૬-૧૮ | મુલુંડ | ઉજ્જવલ ચાંપશી ડુંગરશી હેફા | જખૌ | ૩૫ |
| | કલકત્તા | રાધિકા દિક્ષીત છોટાલાલ આર્ય | પોરબંદર | ૩૦ |
| ૧૭-૦૬-૧૮ | મુલુંડ | પેરીન પંકજ દામજી ગોસર | ગોએરસમા | ૨૯ |
| | ત્રિચી | શક્તિનિવેદિતા શાનમુગવેલુ કૈલાશનાથન | ત્રિચી | ૨૫ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૫-૧૮ | મુલુંડ | રાહુલ રતિલાલ દેવજી નાગડા | રાપર ગઢવારી | ૨૪ |
| | વાપી | પ્રાચી પંકજ મુલચંદ લોડાયા | નલિયા | ૨૨ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૦૬-૧૮ | દાવણગીરી | હીરાબાઈ રાયચંદ લાલકા | વારાપધર | ૭૮ |
| ૨૧-૦૬-૧૮ | ભાંડુપ | તારાબેન ટોકરશી લોડાયા | રાપર | ૯૨ |
| ૨૨-૦૬-૧૮ | ઓશિવરા | કુસુમકાન્ત વર્ધમાન જીવરાજ નાગડા | નલિયા/ગાંધીધામ | ૭૭ |
| ૨૨-૦૬-૧૮ | ડોમ્બીવલી | સુનીતા કમલેશ લોડાયા | દલતુંગી | ૫૧ |

## ધર્મસંદેશ - ૧૨૩ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) ધર્મનાથ (૩) સ્થુલિભદ્ર (૭) નવિ (૮) ભંડાર (૯) ભેલુપુર (૧૨) રથ (૧૩) નરદત્તા (૧૫) નંદાવર્ત (૧૮) પાતરા (૨૦) પુના (૨૧) સાંજી (૨૩) ચોર (૨૭) જાસુદ (૨૯) સંપી (૩૦) યશોજ્જવલા (૩૨) ઈર્ષા (૩૩) કોઠારા

ઊભી ચાવીઓ -
(૧) ધર્મચક્ર (૨) નાકોડા ભૈરવ (૪) ભયભંજન (૫) નિવિ (૬) મીરપુર (૭) નર (૧૦) રથ (૧૧) સત્તા (૧૪) રત્નપુર (૧૬) દાદા (૧૭) તેરા (૧૯) તળાજા (૨૨) જીરાવલ્લા (૨૩) ચોદ (૨૫) ગોપીપુરા (૨૬) ભોયણી (૨૮) સુઘોષા (૩૧) મોકો

# ૩ડી પ્રીટીંગ ક્ષેત્રે સફળ ઉદ્યોજક - સમર્થ શૈલેષ શાહ



શ્રી સમર્થ શૈલેષ શાહ પ્રકાશ સમીક્ષાના આદ્યતંત્રી શ્રી સનત શાહના પૌત્ર છે અને તેમના પિતાશ્રી શૈલેષ શાહ મુંબઇ ઉચ્ચ ન્યાયાલયના વરિષ્ઠ વકીલ છે. શ્રી સમર્થ શૈલેષ શાહની ૩ડી પ્રીંટીગ ક્ષેત્રે વિશેષ ઉપલબ્ધિનો આ લેખ પ્રતિષ્ઠીત અંગ્રેજી મેગેજીન **'સિલિકોન ઈન્ડિયા'**ના ૨૨ (બાવીસ) મે ૨૦૧૮ના અંકમાં પ્રકાશીત થયો છે જે જ્ઞાતિના યુવા વર્ગ માટે માર્ગદર્શક બની રહેશે. શ્રી સમર્થ શાહ **''મેલ્ટીંગ મિંટ''**ના પ્રોપાયટર છે અને ૭ વર્ષથી ૩ડી પ્રીટીંગ ટેકનોલૉજીના વ્યવસાયમાં પ્રવૃત્ત છે.

## Melting Mints :
## Pushing the Envelope of Innovation to Provide Creative Solutions

For Melting Mints, 3D printing is an opportunity to stay creative and conquer new challenges every day. As evidence, look no further than its recent project where it created a highly detailed replica of Ferrari car complete with moving parts controlled not by a remote control but brain waves! From conceptualization to execution, 3D printing is just a small part of what it does. From 3D modeling the Bahubali set recently installed at Imagica to providing a 3D scan of Dhoni for Lava Mobile's recent lion ad, Melting Mints looks at 3D printing as an enabler to a whole new world of manufacturing and innovation.

### Client-Specific Services

The biggest benefit clients derive from Melting Mints is its emphasis on providing solutions that reduce costs, enhance quality and achieve their desired result in the most efficient manner possible. This focus has led to Melting Mints being the only Indian service provider to own a 3DP, an industrial 3D printer that prints five times faster than conventional FDM printers tremendously reducing costs and timelines. Since almost no clients in India have 3D printable files, Melting Mints includes 3D modeling as part of its package with experts of the highest credentials and capabilities from organizations like Dreamworks.

The result lies in its impressive client list that represents the who's who of Indian brands including Tata, Mahindra, L&T, Blue Star, Flipkart, Hotstar, 9XM, Adobe, Mountain Dew, TEDx, BARC and many more. Melting Mints work was on display at the recently concluded Defense Expo 2018 in Chennai and it was even the first to ever display their work at the Kala Ghoda Festival.

### Versatility

Besides being furnished with two 3DP machines, this quality-conscious company also owns SLA printers from Formlabs (from U.S. as opposed to its Chinese counterparts) to print complex, thin (as thin as hair) and delicate structures, and structured light scanners to create life-like scans of celebrities and highly accurate bobble heads. Perceiving 3D printing more as personalization and customization, Melting Mints utilized cutting-edge printers of all types (FDM, SLS & SLA), flexible materials and food grade materials, rather than relying on just one technology or one type of printer.

Melting Mints has clients that range from defense manufacturers to surgeons, wedding planners to architects and students to startups. Every client has unique requirements and the company endeavours to delight each and every one of them.

### Looking Forward

Besides experimenting with flexible materials, chocolate printers and medical grade printers, the firm is currently developing smart 3D printed devices (Through embedded systems programming) that can leverage IoT and Mobile technologies to solve long-standing problems. "Unlike a typical service provider, we work as an innovation hub that assists corporate in creating new products & test prototypes, production houses in enriching animation & AR and individuals in enlivening their fantasies via gifting and personalization. If you can dream it, we can Mint it for you!" avers Samarth Shah, Founder, Melting Mints. No wonder, around seven 3D printing service companies in Mumbai employ Melting Mints for their most challenging jobs, and multiple manufacturers and makerspace creators regularly partner and seek training from Melting Mints.

Witnessing a seven fold increase in revenue in four years, Melting Mints envisions doubling its revenues every two years for the next decade. The firm etches its future roadmap towards launching a slew of novel medical training tools & devices, creating a line of 3D printed products soon to be available on Amazon, training & mentoring new users of 3D printers and developing smart, revolutionary devices by the power of 3D printing & technology.

Courtesy : **Siliconindia**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (25-06-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# અરિહંત બેન્કનું એક્ષાઈડ લાઈફ ઈન્સ્યોરન્સ સાથે ટાઈઅપ





શ્રી અરિહંત કૉ.ઓપ.બેન્ક લિમિટેડએ એક્ષાઈડ લાઈફ ઈન્સ્યુરન્સ કંપની સાથે તેમની લાઈફ ઈન્સ્યુરન્સ પોલિસીએ વેચવા માટે રીસ્ક પાર્ટીસિપેશન વિનાના કોર્પોરેટ એજન્ટ તરીકે ટાઈ-અપ કર્યુ છે.

અરિહંત બેન્કએ કોર્પોરેટ એજન્ટ તરીકે લાઈફ ઈન્સ્યુરન્સ અને જનરલ ઈન્સ્યુરન્સનો બિઝનેસ કરવા IRDA સાથે રજીસ્ટરેશન કર્યું છે. એક નવી પહેલ તરીકે બેંક હવે એક્ષાઈડ લાઈફ ઈન્સ્યુરન્સ કાં.લિ.ની વિવિધ લાઈફ ઈન્સ્યુરન્સ પ્રોડક્ટસ્નું વેચાણ કરશે. શનિવાર તા. ૨ જુનના સાજે ૭ વાગ્યે ટીપ ટોપ પ્લાઝાના સ્ટુડિયો-૯૯માં યોજાયેલા એક સમારંભમાં આ ટાઈઅપની ઔપચારિક ઘોષણા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં એક્ષાઈડના રીજિઓનલ મેનેજર વિનીત જૈન અને માર્કેટીંગ હેડ સુશીલ ક્ષીરસાગર અને તેમની ટીમ સહિત અનેક ઓફિસર્સ ઉપસ્થિત રહ્યા હતા. અરિહંત બેન્કના ચેરમેન હિરાચંદ દંડ, ડાયરેક્ટરો હંસકુમાર છેડા, કિરણકુમાર મોમાયા, રતિલાલ શાહ, સીઈઓ કિરણ પટેલ અને ૮૦ થી વધારે સ્ટાફ મેમ્બર્સ હાજર રહ્યા હતા.

સમારંભની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી. એક્ષાઈડના પદાધિકારીઓએ અરિહંત બેન્કના ચેરમેન, ડાયરેક્ટર્સ અને સીઈઓનું પુષ્પગુચ્છ વડે સ્વાગત કર્યુ હતું. એક્ષાઈડના ટરેનિંગ હેડ અમોઘ દેશપાંડેએ કંપની અને તેની વિવિધ ઈન્સ્યુરન્સ પ્રોડક્ટસ્નો ટૂંકમાં પરિચય આપ્યો હતો.

આ પ્રસંગે બેન્કના ચેરમેન હિરાચંદ દંડએ ઉપસ્થિતોને સંબોધન કર્યુ હતું. કિરણ પટેલે તેમના વક્તવ્યમાં બેન્કના સ્ટાફને ઈન્સ્યુરન્સ પ્રોડક્ટસને સમજી લેવા અને ઈન્સ્યુરન્સ બિઝનેસમાં પારદર્શિતા રાખી ખોટી ઈન્ફોર્મેશનથી કદી પણ પોલિસી ન વેચવા સલાહ આપી હતી.

એક્ષાઈડના રિજીઓનલ મેનેજર વિનીત જૈને તેમના પ્રવચનમાં અરિહંત બેંકનો તેમની સાથે ભાગીદારી કરવા આભાર માન્યો હતો. તેમણે સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી સાથે કહ્યું હતું કે તેમના તરફથી બિઝનેસ માટે કોઈ દબાણ કે મિસ-સેલિંગ નહીં થાય. અરિહંત બેંક વતીથી ડાયરેક્ટર કિરણકુમાર મોમાયાએ કાર્યક્રમની સુંદર વ્યવસ્થા કર્યા બદલ એક્ષાઈડ ઈન્સ્યુરન્સનો અને ઉપસ્થિત રહેવા બદલ સૌ સ્ટાફ મેમ્બર્સનો આભાર માન્યો હતો.



if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,